શ્રી ગણેશાય નમઃ

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમઃ


आ नो भद्रा: क्रत्वो यन्तु विश्वत:

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

ડિસેમ્બર, ૨૦૧૯



Life is the most difficult exam. Many people fail because they try to copy others, not realising that everyone has a different question paper.

For private circulation

‘નાગર મંજૂષા’ પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરવાનું વિચાર્યું છે. સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ/લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચાર-મોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું પ્રતિબિંબ એમાં ઝિલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
ત્રીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
છેલ્લું કવર પેજ (રંગીન) રૂા. ૫૦૦૦
અંદરના પાના (બ્લેક એન્ડ વ્હાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને શ્રીમતી સુહાની દીક્ષિતનો સંપર્ક કરવો.

રજી. ઓ. : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ,
ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઇ - ૪૦૦૦૦૭
website : www.shrivadnagaranagar.org

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧) | તંત્રીસ્થાનેથી | સુહાની દીક્ષિત | ૧ |
| ૨) | જીવનપથ (નિયમિત કટાર) | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૨ |
| ૩) | ઈતિહાસના પાને જૂનાગઢ આઝાદી દિન અને આરઝી હકૂમત | નરેશ અંતાણી | ૩ |
| ૪) | કૃપા અને શ્રદ્ધા | સ્વાતિ મેઢ | ૬ |
| ૫) | કથળેલા શિક્ષણ માટે જવાબદાર કોણ? | દીનેશ બૂચ | ૮ |
| ૬) | માઈગ્રેશન | લીના વછરાજાની | ૧૦ |
| ૭) | ચાલી જતો | વિકાસ મહેતા ‘સમય’ | ૧૩ |
| ૮) | ગાંધીજી | જયંત હાથી | ૧૪ |
| ૯) | સાચી મિત્રતા | ભાર્ગવી જોષીપુરા | ૧૫ |
| ૧૦) | કરંજને કાંઠે | દીના વછરાજાની | ૧૭ |
| ૧૧) | જીવનમાં સાહિત્ય, સંગીત અને સ્પોર્ટ્સનું મહત્ત્વ | વૈભવ વોરા | ૧૯ |
| ૧૨) | નિયતિ | હરસુતા માંકડ | ૨૩ |
| ૧૩) | ગમતીલું ગુજરાત | નમ્રતા સ્વાદિયા | ૨૪ |
| ૧૪) | કાવ્યાસ્વાદ – ઈટર્નિટી-શાશ્વતતા | જય દીક્ષિત | ૨૫ |
| ૧૫) | કાવ્યાસ્વાદ – તમે | ઋતંભરા છાયા | ૩૧ |
| ૧૬) | કાવ્યાસ્વાદ – પરગ્રહવાસી | પ્રણવ દેસાઈ | ૩૩ |



## ટીમ નાગરમંજૂષા

દીના વછરાજાની, નેહા યાજ્ઞિક, ભદ્રાયુ વૈષ્ણવ તથા સુહાની દીક્ષિત

## વિશેષ આમંત્રિત

ડૉ. ભદ્રાયુ વછરાજાની

# તંત્રી સ્થાનેથી

નમસ્તે વહાલા મિત્રો... કુશળ હશો...

આ અંક તમારા હાથમાં આવશે ત્યાં સુધીમાં પોંક, પરિણય અને પરીક્ષાની સીઝન પુરબહારમાં જામી ચૂકી હશે. માટે સ્વાદરસિયાઓ અને લગ્નોત્સુક તો આ મોસમને પૂરેપૂરા જોશથી આવકારશે જ... પણ.. બિચારા પરીક્ષાર્થીઓ માટે આ સમયગાળો એટલે પડકાર. જીવનને વધુ સરળ, સંતુલિત અને સંવાદિતા સાથે ચલાવી શકાય એ માટે અભ્યાસનું મહત્ત્વ નકારી શકાય એમ છે જ નહીં. તમારા જીવનનું લક્ષ્ય નક્કી કરવા અને એને પહોંચી વળવાની ક્ષમતાને પહોંચી વળવાનું બળ આ 'અભ્યાસ' જ પૂરું પાડશે. વિદ્યાર્થી મિત્રો અભ્યાસ જ તમારા જીવનરૂપી આકાશમાં ઊડવાની પાંખ હશે. તમારો આત્મવિશ્વાસ એક નવી ઊંચાઈએ તો પહોંચશે જ, પણ એક મનગમતી દુનિયાનું પ્રવેશદ્વાર પણ બની રહેશે. સ્વામી વિવેકાનંદ કહેતા કે ''ખરેખર માનવીનો જન્મ લક્ષ્યની સાથે જ થાય છે, લક્ષ્ય વગરનો માનવી હરતીફરતી લાશ સમાન છે.'' આ માટે જરૂરી આત્મવિશ્વાસ કેળવવો જ રહ્યો. પહેલાં કે હજુ પણ એવું કહેવાય છે કે ઈશ્વરમાં ન માનનાર વ્યક્તિ નાસ્તિક છે, પરંતુ મારા મતે સ્વયંમાં વિશ્વાસ ન રાખનાર વ્યક્તિ નાસ્તિક છે. માટે જ 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' કઠોપનિષદના આ મંત્ર સાથે વિરમું છું.

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत।
क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति।।

**સુહાની દીક્ષિત**
તા. ક. સર્વેને ઑલ ધ બેસ્ટ

---

**વાચકોને...**

શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ/લેખ/રચના મોકલવા ઇચ્છો છો? તો...

૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવી.
૨. કૃતિ મોકલનારે પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી
૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે.
૪. કૃતિ મોકલવાનું સરનામું :


**સુહાની દીક્ષિત**
સી-૧/૭૦૩, કેસર કૉ. ઑ. સોસાયટી, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
ફોન : ૯૮૨૧૩૧૮૯૦૫ / ૦૨૨ - ૨૮૬૯૨૧૫૦ ઈમેલ : editor@shrivadnagaranagar.org

**દીના વછરાજાની**
બી-હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨ - ૨૮૬૮૨૨૯૭ ઈમેલ : editor@shrivadnagaranagar.org



DISCLAIMER : **આ સામાયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.**

# મૃત્યુનો ઉત્સવ ઊજવાયો

''ઈલા ટીચર'' ની ''પ્રાર્થનામાં પાણીપુરી ને ચાની પ્રસાદી''!! સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં ''બોરસલી વાવી અસ્થિવિસર્જન'' થયું !!

એ શિક્ષક-મિત્રોએ 'પ્રેમલગ્ન' કરેલાં, એકતાળીસ વર્ષો પહેલાં! બન્ને સમાનધર્મા, બન્ને માટે ''ઉત્સવ જ ગોત્ર ને આનંદ જ જાતિ''.

એ સમયે વીસ મિનિટમાં ને સવા બસો રૂપિયાના ખર્ચમાં ફેરા ફરી સહજીવનનો આરંભ કરેલો.

હા, પ્રિયતમા તેના પ્રેમી કરતાં ચાર વર્ષ વડીલ એટલે પ્રેમીને તો સહચર્ય પંથે ''મિત્ર ને મુરબ્બી'' બન્ને મળ્યાં! એ બન્ને સદા-તત્પર શિક્ષકજીવ એટલે શીખતાં ગયાં ને શીખવતાં ગયાં ને પ્રેમપંથે સહજતાનો સથવારો કરતાં ગયાં. પળેપળ હસતાં - રમતાં - નાચતાં - કૂદતાં વિદ્યાર્થીઓનો કાફલો જીવનપથ સાથે જોડતાં ગયાં!

એક નાનકડું ઘર બનાવી તેને ''રજકણ'' નામ આપ્યું... પણ એ રજકણને સૂરજ થવાનું શમણું કાયમ રહ્યું, એટલે પ્રત્યેક ક્ષેત્રે પ્રગતિ સાધતાં એક સ્વપ્નશીલ આશિયાનું બનાવ્યું અને તેને ''પ્રેમમંદિર'' કહી છેલ્લાં વીસ વર્ષોથી જાણે ''પ્રેમઉત્સવ'' ઊજવવાનો શરૂ કર્યો. શિવ અને શક્તિ સાથોસાથ પ્રેમયાત્રા કરવા લાગ્યાં. ''પ્રેમમંદિર''માં ગૃહપ્રવેશ કર્યો નવરાત્રીમાં અને આંગણે જગદંબાને નોતરી માતાજીનું સ્થાપન કર્યું. પ્રતિ વર્ષ બે સપ્તાહ ગાળે પોન્ડિચેરીમાં 'મહર્ષિ અને શ્રી માતાજી'ના સાનિધ્યમાં!! ધાર્મિક નહીં, કારણકે ક્રિયાકાંડમાં માને નહીં, પણ આ યુગલને મંદિર-મસ્જિદ કે ગુરુદ્વારા જવામાં ક્ષોભ નહીં. કોઈ પંથની કંઠી નહીં કે બાહ્ય પ્રતીકોનું વળગણ નહીં. બન્ને સાથે પ્રેમથી જીવે, 'વાંચન-લેખન ને સ્મિત કાયમના સ્વજન'. દુઃખો આવ્યાં પણ આ શિક્ષક દંપતીએ દુઃખ સાથે દોસ્તી કરી લીધી. શક્તિ સ્વરૂપા શિક્ષિકા અગિયાર વર્ષ પહેલાં ભયાનક રોગને નોતરી બેઠાં. ''પ્રેમમંદિર''ના અસંખ્ય ચાહકોને યાદ છે કે આ શિક્ષક દંપતી અને દીકરા-વહુએ સામી છાતીએ ટક્કર આપી.

''પ્રેમમંદિર'' કાયમી સ્થાનક બન્યું, મિત્રોનું - સ્વજનોનું - સંતો - મહંતોનું - સાહિત્યકારોનું ને અજાણ્યા અતિથિઓનું. પ્રેમમંદિરના ચાર આત્મીયજન 'પુસ્તક-પ્રેમ-પ્રસાદથી જાણે છલોછલ જીવે. એટલું બધું ફરે કે જોનાર-જાણનારને આશ્ચર્ય થયા વગર રહે નહીં !! ખુલ્લા દિલનાં આ દંપતી એટલે સૌ જીવનની અંતિમ પળની પણ ખૂલીને વાતો કરે. મૃત્યુ આવે તો તેને કેમ આવકારવું તેના પર તો 'ગોષ્ઠિ' થાય! ઈલા ટીચરે સ્વજનોને કહી રાખેલું કે : ''મારી પ્રાર્થનાસભામાં બધાને પાણીપુરી ખવરાવજો ને ચા પાજો, આપણે ટી-ચર ખરાંને!'' દીકરાને કહ્યું: ''ખર્ચની ચિંતા ન કરતો હું બજેટ મૂકતી જઈશ..''

અને અચાનક બે દિવસની બીમારીમાં સસ્મિત વદને ઈલા ટીચરે ચહેરા પર સંતોષ સાથે આંખો મીંચી દીધી.! 'પૂજ્ય મોરારિબાપુ' સાથે વિદેશની સાતમી કથા માણી પેરિસથી પાછા ફર્યાના એક માસમાં ઈલા ટીચર મૌન-ધ્યાનમાં સરી પડયાં !

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

# ઈતિહાસના પાને જૂનાગઢ આઝાદી દિન અને આરઝી હકૂમત




૩૧મી ઓકટોબરના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટીનું લોકાર્પણ નર્મદાકિનારે કેવડિયા કૉલોની ખાતે કરી સરદારના વિરાટ વ્યક્તિત્વની ઓળખ વધુ એક્વાર વિશ્વને કરાવી. સરદારનું આ વિરાટ વ્યક્તિત્વ દેશ માટે અનેકગણું મહત્ત્વ ધરાવે છે, તેમ જૂનાગઢ માટે તો એથીય અનેક રીતે મહત્ત્વનું બની રહ્યું છે. કેમ કે દેશનો આઝાદી દિવસ ૧૫મી ઑગસ્ટના મનાવાય છે તેમ જૂનાગઢ ૧૫મી ઑગસ્ટ ઉપરાંત નવમી નવેમ્બરે પણ એક વધુ આઝાદી દિવસ મનાવે છે, તેની પાછળ રહેલી એક ઘટના એટલે જૂનાગઢની આઝાદી. આ દિવસે હકીક્તમાં જૂનાગઢ અને તેની આસપાસનો વિસ્તાર આઝાદ બન્યો હતો. ગુજરાતના અને ખાસ કરીને સૌરાષ્ટ્રના ઈતિહાસમાં આ ઘટના સુવર્ણ અક્ષરે લખાયેલી છે. દેશનો આઝાદી દિન ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે આપણે મનાવીએ છીએ, પરંતુ જૂનાગઢ અને તેની આસપાસના કેટલાંક દેશી રજવાડાઓનો આઝાદી દિન ૯મી નવેમ્બર ૧૯૪૭ છે.

બ્રિટિશ સરકારની ગુલામીમાંથી ૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે દેશ આઝાદ થયો અને એ સાથે ભારત અને પાકિસ્તાન એમ બે ભાગલા પણ થયા. એ સમયે દેશી રાજ્યોને ભારત અથવા પાકિસ્તાનમાં જોડાવાની સ્વતંત્રતા આપવામાં આવી હતી દેશનાં મોટા ભાગનાં રાજયો ભારતમાં જોડાઈ ગયાં, પરંતુ જૂનાગઢના નવાબ તથા હૈદરાબાદના નિઝામે પાકિસ્તાન સાથે જોડાવાની જાહેરાત કરી દેતાં દેશના ઈતિહાસમાં એક નવો વળાંક આવ્યો. સરદાર પટેલની કુનેહથી આ સમસ્યા ઊકલી ગઈ અને આ બન્ને દેશી રાજ્યો ભારતમાં જોડાયાં.

૧૧મી એપ્રિલ ૧૯૪૭ના જૂનાગઢના દીવાન ખાનબહાદૂર અબ્દુલકાદર મહમદ હુસેને ભાષણ કરી જૂનાગઢ પાકિસ્તાનમાં જોડાવા ઇચ્છતું હોવાની જાહેરાત કરી. આ જાહેરાતની સાથે જૂનાગઢના લશ્કરમાં બલૂચી અને હૂર લોકોની ભરતી તથા જૂનાગઢની બહાઉદીન કૉલેજનું જોડાણ સિંધ યુનિવર્સિટી સાથે કરવામાં આવ્યું હોવાની અફવાઓ પણ વહેતી થઈ હતી. જૂનાગઢના નવાબના આ પગલે સોરઠના જ માણાવદર, બાંટવા, માંગરોળ અને સરદારગઢે પણ પાકિસ્તાનમાં જોડાવાની જાહેરાત કરી. પાકિસ્તાન સાથે જોડાવાના રાજ્યની હકૂમતના એકતરફી નિર્ણય સામે બહુમતી હિન્દુઓની વસ્તી

ધરાવતાં આ રાજ્યોના લોકોમાં રીતસરનો રોષ ફાટી નીકળ્યો. જૂનાગઢની પ્રજા રીતસરની થરથર કાંપવા લાગી. જૂનાગઢનું પાકિસ્તાન સાથેનું જોડાણ રાજકીય, ભૌગોલિક, આર્થિક અને સામાજિક-સાંસ્કૃતિક રીતે તદ્દન અશક્ય હતું. આમ છતાં નવાબના આ નિર્ણય પછી જૂનાગઢના નવાબના અમલદારોએ રીતસરનો કાળો કેર વર્તાવવાનું શરૂ કર્યું, ગામડે ગામડે ફરી હિંદુઓના હથિયાર પરવાના રદ કરવા લાગ્યા. નામચીન દાદાઓને પોલીસમાં ભરતી કરવામાં આવ્યા. ભયંકર ગુનેગારો અને ધાડપાડુઓને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. બહારથી ઝનૂની તત્ત્વોને જૂનાગઢમાં આશરો આપવામાં આવ્યો. નિર્દોષ પ્રજા પર આચરી શકાય એટલો જુલમ આચરી તેને જૂનાગઢ છોડવા મજબૂર કરવામાં આવ્યા. પરિણામે લોકો જે સાધન મળે તે દ્વારા જૂનાગઢ છોડવા લાગ્યા. આથી જૂનાગઢના દીવાને લાજવાને બદલે એવો ફતવો જાહરે કર્યો કે પંદર દિવસથી વધુ બંધ રહેનાર ઘર નવાબ સરકાર જપ્ત કરી તેના પર તેનો કબજો કરી લેશે. નવાબના ગુંડાઓએ પંદર દિવસની પણ રાહ જોયા વગર બંધ ઘરોમાં લૂંટફાટ શરૂ કરી.

નવાબના આ નિર્ણય સામે વિરોધ વ્યક્ત કરવા તથા જૂનાગઢની પ્રજાના જાનમાલના રક્ષણ માટે તા. ૨૫-૦૮-૧૯૪૭ના મળેલી કાઠિયાવાડ પ્રજાકીય પરિષદની બેઠકમાં એક સંરક્ષણ સમિતિની રચના કરવામાં આવી. આ પછી મુંબઈ ખાતે માધવબાગમાં મળેલી બેઠકમાં પણ નવાબના આ નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો અને ઉગ્ર લડત આપવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો. આ માટે જરૂર પડે નવાબ સાથે રીતસરની સશસ્ત્ર લડાઈ લડવા સુધીની તૈયારી કરવાનો નિર્ણય લેવાયો હતો. આ માટે નવાબ સામે એક સમાંતર સરકારની રચના કરવામાં આવી અને આરઝી હકૂમતની રચના કરવામાં આવી. ભારત સરકારે સીધી રીતે આ લડતને સમર્થન નહોતું આપ્યું, પણ સરદાર પટેલના આ લડતને છૂપા આશીર્વાદ જરૂર હતા. ઉછરંગરાય ઢેબર, અમૃતલાલ શેઠ, બળવંતરાય મહેતા, પુષ્પાબહેન મહેતા અને શામળદાસ ગાંધી સહિતના એ સમયના રાજકીય નેતાઓ આ લડતમાં અગ્રેસર બન્યા. શામળદાસ ગાંધીને આ લડતની આગેવાની સોંપવામાં આવી. આરઝી એટલે સમાંતર અને હકૂમત એટલે સત્તા. આમ, જૂનાગઢના નવાબ સામે પ્રજાકીય સમાંતર સરકારની રચના કરવામાં આવી. આ માટે રીતસરના પ્રધાનમંડળની રચના કરવામાં આવી જેમાં મણિલાલ સુંદરજી દોશી, નરેન્દ્ર પ્રાગજી નથવાણી, શામળદાસ ગાંધી, ભવાનીશંકર ઓઝા, દુર્લભજી ખેતાણી તથા સુરગભાઈ વરુને પ્રધાનમંડળમાં લેવામાં આવ્યા હતા. લડતમાં જૂનાગઢ ઉપરાંત સૌરાષ્ટ્રના સમાજના તમામ વર્ગના ૪૦૦૦થી વધારે કાર્યકરો તેમાં સૈનિક તરીકે જોડાયા હતા, તેમને શસ્ત્ર સહિતની તમામ તાલીમ આપવામાં આવી હતી. આ સેના લોકસેના કે મુક્તિ ફોજના નામથી જાણીતી બની હતી. રતુભાઈ અદાણી તથા માર્કંડભાઈ દેસાઈની આગેવાની નીચેની આ સેનાએ

સૌ પ્રથમ રાજકોટમાં નવાબી મિલક્ત એવા જૂનાગઢ હાઉસનો કબજો લીધો.

આ પછી ક્રમશઃ ઉગ્ર બનતી આ લડતે માત્ર ૧૮ દિવસમાં જૂનાગઢ રાજયનાં ૧૦૬ ગામો પર પોતાની હકૂમત જમાવી લીધી. આ લડતની સાથે જૂનાગઢ શહેરની આર્થિક નાકાંબંધી પણ કરવામાં આવી હતી. બહારથી આવતો ખાદ્યપુરવઠો તથા અનેક જીવનજરૂરી વસ્તુઓ જૂનાગઢમાં પ્રવેશતી રોક્વામાં આવી. પરિણામે રાજ્યને જકાતની આવક તો ઘટી જ, પરંતુ સાથોસાથ જનતાની પણ મુશ્કેલી વધતાં નવાબ સામેનો લોકજુવાળ પણ વધુ ભભૂકી ઊઠયો. જનજાગૃતિ માટે સૌરાષ્ટ્ર રેડિયો તથા આઝાદ જૂનાગઢ એમ બે ખાનગી રેડિયો પણ શરૂ થયા જેમાં દરરોજ રાત્રે ૯ થી ૧૦ આરઝી હકૂમતના સમાચારો, જનજાગૃતિ માટે ગીતો અન્ય કાર્યક્રમો અપાતા, જે ખાનગી રીતે સાંભળવામાં આવતા. પરિણામે વધુ ને વધુ યુવાનો આ લડતમાં જોડાવા માંડયા.

દરમ્યાન લોકરોષ પારખી જનાર નવાબ પરિવાર ૨૪મી ઓકટોબરના પાકિસ્તાન નાસી જતાં નવાબી તંત્ર ઢીલું પડ્યું. પાકિસ્તાન સરકાર તરફથી પણ મદદની આશા ઠગારી નીવડતાં દીવાન શાહ નવાઝખાન ભૂટોએ જૂનાગઢના કમિશનર બૂચને પત્ર દ્વારા જૂનાગઢ રાજ્યનો હવાલો ભારત સંઘને સોંપી દેવાની જાહેરાત કરી.



આ પછી સરદાર પટેલની સૂચનાથી કમિશનર બૂચે જૂનાગઢ રાજ્યનો હવાલો સંભાળી લીધો અને તે દિવસ હતો - ૯મી નવેમ્બર ૧૯૪૭. આ પછી ૧૩મી નવેમ્બરના સરદાર પટેલ પણ જૂનાગઢ આવ્યા. દેશ સાથે જૂનાગઢને સામેલ કરવાની સત્તાવાર જાહેરાત કરી. જૂનાગઢની સાથેસાથે માણાવદર, માંગરોળ, બાંટવા, સરદારગઢ અને બાબરિયાવાડને પણ ભારતમાં સામેલ કરવામાં આવ્યાં. આ પછી આરઝી હકૂમતનું કાર્ય સંપન્ન થતાં તેનું વિસર્જન કરવામાં આવ્યું.

આરઝી હકૂમતે સળગાવેલી મશાલથી સંયુક્ત સૌરાષ્ટ્ર ઝળહળી ઊઠ્યું, એ પછી સૌરાષ્ટ્ર રાજ્યનું મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થયું. એ પછી કચ્છ, સોરાષ્ટ્ર અને ગુજરાત સહિતનાં ગુજરાત રાજ્યની રચના થતાં ૧૯૬૦થી નવું ગુજરાત રાજ્ય અમલમાં આવ્યું.

આમ, ગુજરાત અને સૌરાષ્ટ્રના ઈતિહાસમાં એક રસપ્રદ પ્રકરણનો ઉમેરો થયો.

**નરેશ અંતાણી**

# કૃપા અને શ્રદ્ધા

બહુ વર્ષો પહેલાંની એક વાત યાદ આવે છે. ૧૯૬૦-૭૦ના અમદાવાદનાં પુસ્તકો-નોટોના બજારમાં કાગદી સોનીવાલાની નોટબુકો મળતી. કાચા પૂંઠાની અને પાકા પૂંઠાની ચાળીસથી લઈને દોઢસો પાનાંની - કોરી અને લીટીવાળી - બન્ને જાતની નોટો મળે. સાદા ઝાંખા લીલા, પીળા, વાદળી, ગુલાબી રંગના કશી જ શોભા કે ચિત્રો વિનાના એના કવર પર નામ, વર્ગ, વિષય વગેરે લખવાનું એક ચોકઠું છાપેલું હોય. એ ચોકઠાની અંદર જ નીચે અંગ્રેજીમાં છાપેલું હોય 'ફેઇથ ઈન ગોડ'. આ નોટબુકો બીજી નોટબુકોથી થોડા ઊંચા ભાવે મળે કારણકે એની ક્વૉલિટી સારી રહેતી. મને એ નોટબુકોમાં જ લખવું ગમતું. હું સાતમા ધોરણમાં હતી. અમારી શાળાના આચાર્યશ્રી ઠાકોરભાઈ ઠાકોર, જે બાળકોને વહેલા અંગ્રેજી ભણાવવાની તરફેણમાં હતા એમણે પાંચમા ધોરણથી દરેક વર્ગમાં એક્સ્ટ્રા વર્ગો ગોઠવીને અંગ્રેજી ભણાવવાની વ્યવસ્થા કરેલી. એ કારણે થોડું અંગ્રેજી આવડવા માંડેલું. આ રોજ રોજ દરેક નોટબુક પર અંગ્રેજીમાં 'ફેઇથ ઈન ગોડ' શબ્દો વાંચીને વખત જતાં મને એ વાક્યનો અર્થ જાણવાની ઇચ્છા થઇ. મેં ઘરમાં કોઈ મોટાને પૂછ્યું ને જાણવા મળ્યું કે આ વાક્યનો અર્થ છે ભગવાનમાં શ્રદ્ધા. ભગવાનમાં શ્રદ્ધા એટલે શું એ ખબર પડવાની ઉંમર નહોતી. 'કાગદી સોનીવાલા દરેક નોટબુક એ વાક્ય પર કેમ મૂકતા હશે?' મેં પેટાપ્રશ્ન કર્યો. જવાબ મળ્યો 'કદાચ એ વાક્ય એ વેપારીનું જીવનસૂત્ર હશે'. જે હોય તે પણ એ વર્ષોમાં કાગદી સોનીવાલાની નોટબુકો વાપરનારાઓને નોટે, નોટે શિખામણ મળતી - ભગવાનમાં શ્રદ્ધા રાખો. હમણાં ઘરમાંથી જૂના છાપાં-મેગેઝિનો કાઢવાના અભિયાન દરમ્યાન 'નિરીક્ષક' સામયિકનો ઑગસ્ટ, ૧ ૨૦૧૨નો અંક દેખાયો. 'તે તમે એટલાં જૂનાં મેગેઝિનો રાખી મૂકો?' એવો સવાલ હમણાં ન પૂછશો. પાનાં ફેરવ્યાં અને એક સમાચાર વાંચ્યા અને આ વાત યાદ આવી ગઈ.

એમાં એક લેખ હતો. એ વખતે રમાઈ રહેલી ઑલિમ્પિક રમતો વિશે. એમાં મલાયા દેશની નિશાનબાજીની એક ખેલાડી નૂરી સીરિયાની વાત કરેલી. સ્પર્ધા વખતે નૂરી સગર્ભા હતી. આઠ માસના ગર્ભસ્થ શિશુ સાથે એ નિશાનબાજી ખેલવા આવી હતી. સગર્ભાવસ્થાનો આઠમો માસ નાજુક સમય ગણાય. એવે સમયે નૂરીની નિશાનબાજી ખેલવાની હિંમત કોઈને પણ નવાઈ પમાડે. એની મુલાકાત લેનાર પત્રકારે પૂછ્યું, 'આ અવસ્થામાં તમે નિશાનબાજી ખેલશો?'

નૂરીએ જવાબ આપ્યો ' હા, અને હું પ્રાર્થના કરું છું કે મારે ટ્રિગર દબાવવાનું હોય ત્યારે આ શિશુ અંદર હાલે નહીં. ગોડ એટલું સંભાળી લે એટલું બસ છે. એ સિવાય મને કોઈ વાતની ચિંતા નથી.' નૂરીએ સ્પર્ધામાં નિશાનબાજી કરી પણ ખરી.

ફેઈથ ઇન ગોડ ઈશ્વરમાં શ્રદ્ધા આને કહેવાય? એક ગુજરાતી ભજન છે, 'મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે' સમર્પણનો ભાવ વ્યક્ત કરતું આ ભક્તિગીત એ જ કહે છે. ' હરિ સંભાળજો રે'. પ્રભુમાં શ્રદ્ધા રાખવી. એ બધું સંભાળી લેશે. એની કૃપા ચોક્કસ થશે જ.

પણ હરિ શું સંભાળે? શું સંભાળી લેશે? વિશ્વની અને ભાગ્યની આ સંકુલ ગતિવિધિઓમાં આપણે કેટલું સમજીએ છીએ? કેમ કરીને કહીએ કે

હરિ આ સંભાળજો, આટલું સંભાળજો. છતાંય શ્રદ્ધા રાખવી કે આપણે માટે સંભાળવા જેવું અને જેટલું હરિ જરૂર સંભાળી લેશે.

આવી શ્રદ્ધા રાખવી અઘરી તો છે. સંભાળનારો ઉપરવાળો. રાખણહારો રામ - એ શું સંભાળશે? શેનાં રખોપાં કરશે આપણે સારુ? ખબર નથી.

હા, ઉપરવાળો, રાખણહારો રામ, ઈશ્વર, પ્રભુ, ગોડ, હરિ, અલ્લા, વાહે ગુરુ સંભાળી તો લેશે પણ કાર્ય તો આપણે - વ્યક્તિએ કરવાનું હોય છે. કર્મ કરતા રહો 'યોગક્ષેમ વહામ્યહમ' ગીતામાં શ્રીકૃષ્ણ પણ ખાતરી આપે છે.

'અહીં બીજી થોડી કાવ્યપંક્તિઓ યાદ આવે છે:

પલ્લામાં રાખી ધારણ,
ઊભા રહેવું, ચકરાતા મત્સ્યની પાણીમાં છાયા જોઈ
એને વીંધવું.
એ સર્વ કાંઈ તારે જ પાર પડવાનું....
હું તો માત્ર નીચેનું આ પાણી
ડહોળાય નહીં તેની રાખીશ અર્જુન ભાળ.'

'મહાપ્રસ્થાન' કાવ્યમાં કવિ ઉમાશંકર જોષીએ આ રીતે વાત કરી છે:

સ્વયંવરમાં દ્રૌપદીને પામવા માટે મત્સ્યવેધ કરવા માટે, વિધિનિર્મિત મહાભારત યુદ્ધની ભૂમિકા રચવા માટે અર્જુને તીર છોડવાનું હતું. એ તો અર્જુન કરી નાખે, પણ અહીં મોટી વાત એ હતી કે ઉપર ફરતા મત્સ્યનું પાણીમાં પડતું પ્રતિબિંબ જોઈને મત્સ્યને વીંધવાનો હતો અને હોજના પાણીમાં મત્સ્યનું પ્રતિબિંબ પડતું પાણી ડહોળાય નહીં, સ્થિર રહે એ જરૂરી હતું. એ પાણી ડહોળાય નહીં એ જોવાનું કામ પ્રભુ કરશે.

અને આ પાણી ડહોળાવું એટલે શું?

મનની, બુદ્ધિની, લાગણીની, વિચારની સ્થિરતા ખરે ટાણે વિચલિત થઈ જાય એવું તો અભિપ્રેત નથી ને અહીં?

મને લાગે છે એવું જ છે.

ઇચ્છાઓ, મહત્ત્વાકાંક્ષાઓ, કાર્ય, ફરજ, જવાબદારીઓ, આડખીલીઓ, અવરોધોની ભીડમાં મન-લાગણી, બુદ્ધિ-વિચારની સ્થિરતા જળવાઈ રહે. સારા-ખોટાનો, યોગ્યા-યોગ્યનો, હિત-અહિતનો ભેદ વેળાસર પારખવાની સમજ પડે એ જ કહેવાય પાણી ન ડહોળાવાની સ્થિતિ. એવી અસ્થિરતાના સમયે જ ધ્યાન રાખે છે પ્રભુ આપણું, જો શ્રદ્ધાભર્યા મનથી એને સોંપી દઈએ માર્ગ ચીંધવાનું કામ.

અને કર્મ કરતાં કરતાં કસોટીની વેળાએ માનસરોવરના જળને પ્રભુ ડહોળાવા નહિ જ દે, એવો અતૂટ  વિશ્વાસ એનું નામ શ્રદ્ધા. આવી શ્રદ્ધા હોય તો પ્રભુ અવશ્ય કૃપા કરે. જોકે આવી અડગ શ્રદ્ધા પણ એની કૃપાથી જ મળે, પણ શ્રદ્ધા હોય તો કૃપા થાય કે કૃપા થાય તો શ્રદ્ધા બેસે? એવા  વિતંડાવાદમાં પડવાનું રહેવા દઈએ.

ફરી ફરીને નજર સામે આવે છે કાગદી સોનીવાલાની ઝાંખા ગુલાબી, લીલા, પીળા, વાદળી રંગના પૂંઠાવાળી નોટબુકો. એના કવર પર છાપેલું પેલું ચોકઠું. એનો અર્થ આયુષ્યના સાતમે દાયકે હવે કંઈક સમજાવા માંડ્યો છે. એ શિખામણ જીવનમાં ઉતારી શકીએ, ઊતરે તો? ન્યાલ થઈ જવાય!

**સ્વાતિ મેઢ**

# કથળેલા શિક્ષણ માટે જવાબદાર કોણ –વિદ્યાર્થી, વાલી, શિક્ષક કે સરકાર?

એક યુવાન એક વિદ્યાપીઠના કૉન્વોકેશન હૉલમાંથી સ્નાતકની ઉપાધિ પ્રાપ્ત કર્યાનું સર્ટિફિકેટ મેળવી બહાર નીકળ્યો. એક બુઝુર્ગ વિદ્વાન સજ્જને તેને અભિનંદન આપી પૂછ્યું, ''ભાઈ તમારા અભ્યાસ દરમિયાન તમે શું પ્રાપ્ત કર્યું?... શું સિદ્ધ કર્યું?'' તેણે કહ્યું, ''મુરબ્બી, અભ્યાસ દરમિયાન મેં શું પ્રાપ્ત કર્યું – શું સિદ્ધ કર્યું તેની તો મને આજે પણ ખબર નથી; સ્નાતકની ઉપાધિનું આ ફરફરિયું મળ્યું છે તેટલો જ માત્ર સંતોષ છે. આજના કથળેલા શિક્ષણના માત્ર એક જ પાસાનું આ દર્શન છે.

વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ જે કરે તે જ શિક્ષણ સાચું. નાનું બાળક યુવાન બની જીવનવ્યવહારના મહાસાગરમાં ઝંપલાવે ત્યારે તેના પ્રચંડ મોજાઓનો સામનો કરવા સુસજ્જ કરે તે જ સાચું શિક્ષણ. બાળક પોતાની રુચિ અને વૃત્તિ અનુસાર અભ્યાસક્ષેત્ર પસંદ કરી પોતાની પ્રતિભા વિકસાવે – આવી તક અને સ્વતંત્રતા જે શિક્ષણ આપે તેવું શિક્ષણ જ સાચું. આજે શિક્ષણની શી પરિસ્થિતિ છે? અભ્યાસ પૂરો કર્યા બાદ આગળ દૃષ્ટાંત આપ્યું તેવી ''ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે.'' જેવી અનિશ્ચિત હાલકડોલક સ્થિતિ તેના મનની હોય છે. કથળેલા શિક્ષણની આ દુઃખદ ભેટ છે.

સાર્વજનિક ગણેશોત્સવમાં જેટલો જનસમુદાય ભાગ નહીં લેતો હોય તેટલો જનસમુદાય એસ. એસ. સી. પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે. બધું જ જથ્થાબંધ કરવાની આપણને અને સવિશેષ આપણા રાજ્યકર્તાઓની વૃત્તિ છે. શિક્ષણનું એક સુદૃઢ માળખું ઘડ્યા વગર ફરજિયાત પ્રાથમિક શિક્ષણ સરકારે દાખલ કર્યું. મુંબઈ જેવા અદ્યતન શહેરમાં રહેતા વિદ્યાર્થી અને રત્નાગિરિ કે સતારા જિલ્લાના નાના ગામડાના વિદ્યાર્થી માટે અભ્યાસક્રમ એક જ. આ જ વિજ્ઞાન, ગણિત કે સમાજશાસ્ત્રના અભ્યાસક્રમનો અભ્યાસ કરી એક વિદ્યાર્થીએ ડૉક્ટર કે એન્જિનિયર બનવા માટે તૈયાર થવાનું અને બીજા વિદ્યાર્થીએ ખેડૂત કે વણકર બનવાનું.

આપણે ત્યાં અભ્યાસક્રમ ઘડે છે સ્થાનિક આવશ્યકતાઓને ન જાણનાર કહેવાતા શિક્ષણશાસ્ત્રીઓ, અભ્યાસક્રમ ઘડે સરકાર, તે અપનાવવાનો શિક્ષણ સંસ્થાઓએ અને પરિણામે સહન કરવાનું વિદ્યાર્થીઓએ. જાપાનમાં કાઝાગામા નામની વિદ્યાપીઠ અભ્યાસક્રમ ઘડે અને ચકાસે. આ ચકાસેલો અભ્યાસક્રમ સરકાર અપનાવે. અભ્યાસક્રમના ઘડતરમાં વિદ્યાર્થીઓનાં સૂચનો પણ સ્વીકારાય.

સરકારે માળખું જ બનાવ્યું કે તેમાં વૈજ્ઞાનિક મૂલ્યાંકન પદ્ધતિ અપનાવાય નહીં. આથી આર્થિક ક્ષેત્રનો ફુગાવો વિદ્યાર્થીને મળતા ગુણોને પણ લાગ્યો એટલે ૮૫થી ૯૦ ટકા ગુણ અનેક વિદ્યાર્થીઓને મળે. આટલા ગુણ ન મળે તો ઉચ્ચ અભ્યાસ ક્ષેત્ર વિદ્યાર્થીઓ માટે બંધ થાય.

આ કથળેલા શિક્ષણ માટે શિક્ષક પણ એટલો જ જવાબદાર છે. દિવસના પાંચ છ પિરિયડ લીધા એટલે ગંગા નાહ્યાનો સંતોષ શિક્ષકને ન હોવો જોઈએ. આ વિદ્યાર્થી નબળો છે, 'પ્રૉબ્લેમ' છે,

સરળતાથી શિક્ષક આવાં લેબલ વિદ્યાર્થી પર ચોંટાડી દે છે. આ માટે તે નબળો છે? શા માટે તે 'પ્રૉબ્લેમ' છે? તેનાં કારણો જાણી તેને અનુરૂપ વલણ શિક્ષણ અપનાવે તો કદાચ આવા વિદ્યાર્થીઓ તેજસ્વી વિદ્યાર્થીની પણ કદાચ બરોબરી કરી શકે. વિદ્યાર્થીના વ્યક્તિત્વમાં સમગ્ર રીતે ઓતપ્રોત થઈ તેને સમજે તે સાચો શિક્ષક. પાઠ્યપુસ્તકની બહાર જઈ વિષયનું સમગ્ર જ્ઞાન આપે તે શિક્ષક સાચો. પોતાની શિક્ષણ પદ્ધતિને વર્ગ પરિસ્થિતિ અનુસાર ફેરવી શકે તો જ તે શિક્ષક સાચું અને સારું જ્ઞાન આપી શકે.

આજે સાંદિપની કે દ્રોણાચાર્ય જેવા શિક્ષકો નથી. તો કૃષ્ણ, સુદામા કે અર્જુન જેવા વિદ્યાર્થીઓ પણ ક્યાં છે? આજનો વિદ્યાર્થી ભૌતિક સુખ વિના શ્રમે આપી શકે તેવા શિક્ષણની શોધમાં છે. અભ્યાસ ક્ષેત્રે સરસ્વતીને પદભ્રષ્ટ કરી લક્ષ્મીને આજના વિદ્યાર્થીએ સ્થાપી છે. આજના વિદ્યાર્થીને કૉલેજના વર્ગો કરતાં કૉલેજની પાસે આવેલા થિયેટરના મેટિની શૉનું વધુ મહત્ત્વ છે. ભૌતિક સુખ શિક્ષણ ન આપી શકે તો તે વાસ્તવિકતાથી ગભરાઈ વિસ્કી કે બ્રાન્ડીના શિશામાં ડૂબે છે. - હિપ્પી બને છે કે આત્મહત્યા કરે છે. પરીક્ષામાં અઘરા પ્રશ્નપત્રોના વિરોધમાં ઉપકુલપતિનાં ઘરો બાળવાં છે કે વિદ્યાપીઠનું પુસ્તકાલય બાળવું છે, પરંતુ આજના છીછરા ધ્યેયશૂન્ય અભ્યાસક્રમનો જબરદસ્ત વિરોધ કરવાનું કૌવત આજના વિદ્યાર્થીમાં નથી.

આ કથળેલા શિક્ષણ માટે વાલી પણ પોતાની ફરજ ચૂક્યા છે. સવારથી સાંજ સુધીની માતાપિતાની પ્રવૃત્તિમાં બાળકને કેટલો સમય તેઓ આપે છે. આયા પાસે ઊછરતા બાળક પાસે સંસ્કારની આશા ક્યાંથી રખાય? સંસ્કારના ઘડતર વિના શિક્ષણનાં આધ્યાત્મિક મૂલ્યો ક્યાંથી સમજાય? શિક્ષણની જવાબદારી શૈક્ષણિક સંસ્થાઓ કરતાં વિશેષ માતાપિતાની છે. ધંધા માટે સમય હોય, ક્લબ માટે સમય હોય, ઇતર કહેવાતી સમાજસેવા કરી માનમરતબો મેળવવાનો સમય હોય, પરંતુ પોતના સંતાન સાથે થોડો સમય શાંતિથી બેસી તેને સમજવાનો, તેની મૂંઝવણો દૂર કરવાનો ને સાચી દિશા બતાડવાનો સમય ન હોય તો શિક્ષણ કથળે જ ને?

એક ગામની એક જર્જરિત શાળાની દીવાલ પર આ વાક્ય લખ્યું હતું. 'ઘર શાળા બને, માતાપિતા શિક્ષકો બને અને બાળકો વિદ્યાર્થી બને તો શાળા એક આદર્શ શિક્ષણ મંદિર બને.' આજે આ પરિસ્થિતિ નથી. તેથી શિક્ષણ કથળ્યું છે. કથળેલા શિક્ષણ માટે દોષનો ટોપલો કોઈ એક પર લાદી નહીં શકાય. વિદ્યાર્થી, વાલી, શિક્ષક, સરકાર - ટૂંકમાં આખો સમાજ તેને માટે જવાબદાર છે.

આ સર્વનો સજાગ, સામૂહિક પ્રયત્ન જ **'सा विद्या या विमुक्तये'** નો શિક્ષણનો આદર્શ સિદ્ધ કરી શકશે.

**દિનેશ બૂચ**

# ''માઈગ્રેશન''

ઉંબરમાં બેઠેલી રમ્યાને જેમ જેમ ડેસ્ટિનેશન નજીક આવતું ગયું એમ એમ મનમાં એક અજબ મનોમંથન ચાલવા લાગ્યું. એક અલગ અકળામણ એને થવા લાગી.

શું હશે? અત્યારની પરિસ્થિતિ કેવી હશે?

સમયના ઘણા મોટા અંતરાલ બાદ પોતાના જ ઘરમાં ગૃહપ્રવેશની પળ રમ્યાને ખુદને બહુ ભારે લાગી રહી હતી.

ટૅક્સીના પૈસા ચૂકવી, બૅગ લઈ, આંગણામાં પ્રવેશતાં તેણે ચારે તરફ જોયું. લીલોછમ રહેતો બાગ અત્યારે સૂકા રણ જેવો ભાસતો હતો. ભારે હૈયે તે ઘરમાં આવી, પણ ઘરની બંધિયાર હવામાં તેને હજી પણ એ જ આત્મીયતાનો અનુભવ થયો.

બૅગ મૂકી, દરવાજો બંધ કરી, તેણે ઘરના રાચરચીલા પર એક નજર નાખી. કેટલીય યાદો તેને ઘેરી વળી.

ક્યાંથી શરૂ કરવું?

શ્રેયની સાથે આંગણામાં બાંધેલા ચકચકાટ પિત્તળના આંકડિયાવાળા હીંચકે ઝૂલતાં ગાયું હતું એ ગીત..

''ચલો દિલદાર ચલો, ચાંદ કે પાર ચલો -
-- હમ હૈં તૈયાર ચલો...''

વરંડામાં વરસાદી મોસમમાં ભીંજાવું અને ગરમાગરમ ભજિયાં અને મસાલાવાળી ચાની જયાફત ઉડાવાતી હતી એ દૃશ્ય રમ્યાની નજર સામે સાક્ષાત ખડું થયું.

ડ્રોઈંગરૂમમાં સંખેડાનું સુંદર આકર્ષક રાચરચીલું અને એમાં શ્રેયનો શોખીન સ્વભાવ.

હા, રમ્યાની રખાવટ પણ બહુ ચોક્કસ. બન્નેએ મળીને ઘરને ખૂબ દિલથી સજાવ્યું હતું.

દીવાનખંડમાંથી જમણી તરફ જાવ એટલે પકવાનખંડ મતલબ રસોઈઘર કે કીચન આવે. રમ્યા પોતે હોમ સાયન્સની સ્ટુડન્ટ એટલે પાકકલા એનો મનગમતો વિષય અને એમાંય પાર્ટનર સુગંધથી સમજી જાય એવો શોખીન મળ્યો એટલે એ હંમેશાં નિતનવા પકવાન બનાવવામાં મસ્ત રહેતી. એના હાથમાં પણ અન્નપૂર્ણાના આશીર્વાદ, તે એ જે વ્યંજન બનાવે એમાં મહેમાન આંગળાં ચાટી જાય એવો સ્વાદ હોય અને દરેક પાર્ટી પછી શ્રેય આફરીન આફરીન હોય..

ડ્રોઈંગ રૂમથી ડાબી બાજુ શયનખંડ આવે.

રમ્યાએ શ્રેયની મહારાણી બનીને ગૃહપ્રવેશ કર્યો હતો ત્યારે શ્રેયે શયનખંડની ઓળખાણ આપતાં કહ્યું હતું કે,

''આવ મારા ઘરની અને દિલની મલિકા, આખા ઘરમાં બધાની અવરજવર રહેશે પણ આ ઈલાકામાં માત્ર તારી હકૂમત ચાલશે.''

ઘરમાં એક બીજો બેડરૂમ પણ ખરો, જે ગેસ્ટ રૂમ તરીકે વપરાતો.

આખા ઘરમાં રમ્યા અગણિત યાદો સાથે ફરતી રહી.

કેટલીક વાર સવારે રમ્યા આંગણામાં તુલસીક્યારે દીવો કરતાં ગણગણતી હોય,

''જબ ઉજિયારા છાયે,મનકા અંધેરા જાયે,
કિરનોં કી રાની આયે, જાગો હે મેરે મનમોહન ...''

અને પછી હળવેથી શ્રેયને કહે જાગો મોહન પ્યારે --

કોઈ વાર ઘરકામ ચાલતું હોય, રસોઈમાં કંઈક સરસ બનતું હોય ત્યારે મૂડથી ગાતી હોય, અને એ પૂરું

થાય ત્યાં સોડમથી ભરપૂર ડીશ તૈયાર હોય એટલે શ્રેય પાસે જઈને ચમચી ભરીને એના મોઢામાં સરકાવીને મસ્તીથી ગાય - ''સપનાનાં વાવેતર.. સપનાનાં વાવેતર..''

પણ..અરેરે..!

ક્યાં ગયાં એ સપનાં! થંભી ગયેલો હિંડોળો, બંધિયાર હવા, સુક્કો તુલસીક્યારો, ચીસો પાડતું એકાંત..

રમ્યા બે હાથે માથું પકડીને સંખેડાના સોફા પર બેસી પડી.

શ્રેય તેં એવું કેમ કર્યું! બે વર્ષ પહેલાં શ્રેયને કરેલો સવાલ આજે પણ ફેણ પછાડીને ઊભો થયો.

સાથે હતી એ વોટરબૅગમાંથી પાણીનો ઘૂંટ ભરીને સહેજ આંખો પર ભીનો હાથ ફેરવી રમ્યા સોફા પર બેસી રહી.

પિક્ચરના રિલની જેમ યાદ પસાર થવા માંડી.

શ્રેય સરસ, સુઘડ, આશાવાદી, મહાત્ત્વાકાંક્ષી યુવાન. મૅનેજમેન્ટનો માણસ એટલે માસ્ટર્સ કર્યા પછી પ્લેસમેન્ટ પણ મલ્ટિ નેશનલ કંપનીમાં થઈ ગયું. સરસ ઘર, સરસ જૉબ, સરસ લાઈફ પાર્ટનર - મઝાની લાઈફ ચાલતી હતી.

આનાથી વધુ શું હોય? પણ સમયના ખોળામાં કેટલા યુ ટર્ન જિંદગીના હાઇ-વે પર હોય છે એ તો ટર્ન આવે ત્યારે જ મહેસૂસ થાય.

લગ્નની પાંચમી એનિવર્સરી શ્રેય અને રમ્યાએ ખૂબ દમામભેર ઊજવી. આગલી રાતે બાર વાગે ફ્રેન્ડ સર્કલ સાથે કેક કટિંગ ને મસ્તી. બસ નક્કી કર્યું હતું કે દિવસ આખો માત્ર આપણે બે. મેઇડ ફોર ઈચ અધર..

મોર્નિંગ વિશ વિથ રેડ રોઝીઝ - લન્ચ પછી મુવી. બપોરે ઘેર આરામ ને કબૂતરની જેમ પ્રેમમાં - સાંજે રમ્યાએ ઘરના બગીચામાં કેન્ડલ લાઈટ ડિનર પ્લાન કર્યું હતું. આમ આખો મેરેજ ડે બધાના ફોન અને જન્નત જેવી ફિલિંગમાં ઊજવાયો.

બીજા દિવસથી ફરી રૂટીનમાં. રમ્યા એના કીચન ને ઘરમાં મસ્ત અને શ્રેય એની જૉબના ટારગેટ પૂરા કરવામાં વ્યસ્ત. હા, પ્રેમ વહેતો રહ્યો.

પણ..

છેલ્લા કેટલાક સમયથી શ્રેય નિરુત્સાહ દેખાય. રમ્યાને પહેલાં એમ થયું કે કામના બોજને લીધે થાક લાગે છે, પણ એની ઉદાસીનતા શબ્દોમાં રજૂ થવા લાગી. પહેલાં પરફેકટ લાગતી રમ્યા એને દેશી લાગવા માંડી.

રાતે કોઈ વાર એમ બોલવામાં આવી જાય કે,

''તું સ્ટાઈલમાં પાછળ છે.અમારી ઑફિસમાં લેડીઝ છે એ ઘર સાથે પોતે પણ અપ ટુ ડેટ રહે છે. મૉર્ડન લાઇફ કોને કહેવાય એ તું શીખી જ નથી.રસોડામાં ચાર વાનગી બનાવીને ઘર સાચવવું એ કંઈ બહુ મોટી વાત ન કહેવાય. હાઈ સોસાયટીની પેટર્ન આવડવી જોઈએ.''

રમ્યા પ્રયાસ કરે કે શ્રેયને ખુશ કેવી રીતે રાખે, પણ આડંબરની ઔપચારિક દુનિયામાં અંજાઈ ગયેલા શ્રેયની આંખો પર કૃત્રિમ ચમકદમકની પટ્ટી ફિટમ ફિટ બંધાઈ ગઈ હતી.

લવબર્ડ્સ કહેવાતા કપલની વચ્ચે વિચાર તફાવત વધતો ચાલ્યો.

રમ્યા દુઃખી થતી ચાલી, પણ મા-બાપના સંસ્કાર અને દરેક પરિસ્થિતિમાં સ્થિર રહી માર્ગ શોધવાની એની આવડત દુનિયાની બધી હોંશિયારીથી વધુ હતી.

શ્રેયની સરખામણી કરવાની વૃત્તિ વધુ કટ્ટર બની હતી. વાતવાતમાં રમ્યાને ઉતારી પાડે. હવે એને

રમ્યામાં કંઈ જ સારું નહોતું દેખાતું. વાતવાતમાં અલગ થવાનો અછડતો ઉલ્લેખ થવા માંડ્યો.

રમ્યા રોજ જ ઈશ્વર સમક્ષ આ સમસ્યાનું સમાધાન માગતી. એક દિવસ એને પ્રકાશ દેખાયો. રાતે એઝ યુઝવલ સરસ ડિનર રેડી કરીને રમ્યાએ શ્રેયને ટેબલ પર આમંત્ર્યો.

જમવાનુ પૂરું થયું ત્યાં સુધી રમ્યા શ્રેયની રોજની ખાટી-મીઠી, કડવી વાત કોળિયા સાથે ઉતારતી રહી. શ્રેયને પ્રેમથી જમાડી મુખવાસ આપતાં એનો હાથ પકડીને બોલી,

''આજ મારે તને કંઇક કહેવું છે.''

''તારે શું નવું હોય! એ જ મરીમસાલા કે ઘરસફાઇની વાત હશે.''

''ના આજે કંઈક અલગ કહેવું છે.''

ફરી ઉપાલંભભરી દૃષ્ટિથી શ્રેય બોલ્યો,

''કહે શું કહેવું છે? આજ હુંય સાંભળું તારી નવી વાત.''

રમ્યાએ ઈશ્વરને મનોમન યાદ કરીને દૃઢ અવાજે શરૂ કર્યું,

''જો ડીઅર, છેલ્લા કેટલાક સમયથી તારો અણગમો મને સમજાય છે. હું કદાચ લુકમાં અલ્ટ્રામૉર્ડન નથી, વિચારમાં નથી, પણ હું દિલ અને દિમાગથી વધુ મૉર્ડન છું. કોઈને દેખાદેખીથી એક જ માપકોણથી મૂલવવું એ વધુ સંકુચિતતા છે. જે જેવું છે એને પોઝિટિવ વેમાં સ્વીકારીએ એ સહુથી વધુ આધુનિકતા કહેવાય એમ હું માનું છું. હું મનની આધુનિકતાને વધુ પ્રાધાન્ય આપું છું. જો તમે ઉચ્ચ ભણતરનો દાવો કરતા હો તો સમાજના આ કહેવાતા મૉર્ડન ગાડરિયા પ્રવાહનું મૂલ્યાંકન કરતાં આવડવું જોઇએ.

હવે શ્રેયની ભ્રમર ઊંચી થઈ..

''એટલે?''

''મને એમ લાગે છે કે આ માત્ર તારી અને મારી અંગત બાબત છે. આપણે પ્રેમ બે જ જણ શેર કરીએ તો સમસ્યા પણ આપણે બે જ વચ્ચે શેર થશે.

તને ગમે ત્યારથી આપણે વધુ નહીં બે વર્ષ એકબીજાંથી અલગ રહીને પરખ કરી લઈએ. કોઈ જ ઝગડો નહીં, કોઈ જ પૂર્વગ્રહ નહી. સમતોલ લાગણીથી બે વર્ષ એકબીજા માટે વિચારવાનો સમય આપીએ. બરાબર બે વર્ષ પછી આજના દિવસે આપણા આ સ્વર્ગ સમાન ઘરમાં પાછા ફરીશું. જો આપણા બેમાંથી કોઈ એક આ દિવસે નહી આવે તો બીજું સમજી જશે કે પ્રયોગાત્મક અલગતા હવે કાયમી સ્થાન લઇ ચૂકી છે. સમાજમાં એકમેકની સામે આક્ષેપ કર્યા વગર બિલકુલ સન્માનનીય વિચ્છેદ સ્વેચ્છાએ સ્વીકારી લઈએ એ જ અતિઆધુનિક વિચારધારા કહેવાય.''

અને...

બીજે દિવસે સવારે બે બૅગ પેક થઈ. કડવો નિર્ણય ન આવે એ મનની ખ્વાઇશ સાથે બંને અલગ થયાં.

રમ્યા શ્રેયના શ્રેયની પ્રાર્થના કરતી રહી. શ્રેય રમ્યા સાથે વિતાવેલી સુંદર પળ વાગોળતો રહ્યો અને બે વર્ષ દરમિયાન પોતાને જે કડવા અનુભવ આધુનિકતાના નામે થયા એ દિલમાં જમા કરતો ગયો.

રમ્યાની આધુનિકતા વિશેની આધુનિક સમજ, એની પ્રેમભરી કાળજી શ્રેયને રોજ પોતાના માટે નીચાપણું મહેસૂસ કરાવવા લાગી. મૉર્ડન તો પોતાના કરતાં રમ્યા સાબિત થઈ એ બે વર્ષને અંતે એને બરાબર સમજાઈ ગયું.

અને એ દિવસ આવી પહોંચ્યો..

રમ્યા ઝબકીને વિચારધારામાંથી બહાર આવી. ઝાંખી થઈ ગયેલી પોતાની સ્વપ્નસૃષ્ટિને ઉદાસ નજરે નિહાળતી રહી ને મનના એક ખૂણે શ્રેય આવશે કે નહીં એ ફફડાટ સાથે રાહ જોઈ રહી હતી ત્યાં અંદરના રૂમમાં કંઈક ખખડાટ થયો.

''કોણ?''

એ સવાલ હજી પુરો થાય ત્યાં રોઝપેટલ સાથે શ્રેયનો પહેલા જેવો હસતો ને આંખોમાં પ્રેમ વરસાવતો ચહેરો દેખાયો.

રમ્યા કંઈ સમજે એ પહેલાં એનો હાથ પકડીને શ્રેય ઉભડક પગે એની સમક્ષ બેસીને બોલ્યો,

''રમ્યા, મને માફ કરીશ? તારા જેવી અત્યાધુનિક લાઈફ પાર્ટનર હોય તો સામાજિક કૉર્ટની કામગીરી બહુ ઓછી થઈ જાય... બે વર્ષ રખડી-રઝળીને તારી પાસે આવ્યો છું. તેં મને બહુ ઊજળી રીતે કડવી સચ્ચાઇ સમજાવી છે. તેં પ્રેમ કરી ને પચાવી જાણ્યો. આ બે વર્ષ જિંદગીની કિતાબમાંથી છેકી નાખીને મને અપનાવીશ?''

આટલો સમય દિલમાં સાચવી રાખેલાં આંસુ ટપટપ શ્રેયના ખભે નીતરી રહ્યાં.

''મેં પ્રેમ કર્યો અને કસોટી પણ મેં જ નક્કી કરી એટલે અદ્ધર શ્વાસે આજના દિવસની રાહ જોતી હતી. તું નહી આવે તો! આ સવાલે મને થકવી નાખી.''

બીજે દિવસે ફરી આંગણામાં મોર કળા કરતો દેખાયો. તુલસીક્યારે દીવો ઝળહળી ઊઠ્યો. રસોડામાંથી મસાલાવાળી ચાની સુગંધ પ્રસરી રહી અને રમ્યાનો અવાજ ગુંજી ઊઠ્યો,

''સત્યમ્ શિવમ્ સુંદરમ્...''

માઇગ્રેશનની મોસમ પૂરી થતાં પંખી પોતાના માળામાં પરત ફર્યાં હતાં.

**લીના વછરાજાની**

---

# ચાલી જતો

જિન્દગીને, ખોળવા ચાલી જતો,
જાતને તેજ, શોધવા ચાલી જતો,
છે નશો અન્તરનો તે પંપાળવા,
ફૂલ પાસે, પહોંચવા ચાલી જતો,
ક્યાં મપાતા માણસોના મન અહીં?
લાગણીથી તોલવા ચાલી જતો,
વૃક્ષ સાથે એક વાર્તાલાપથી,
એ નવાં બી, રોપવા ચાલી જતો,
કેટલાં ક્યારે હશો? બોલો 'સમય',
તો ઘડીમાં ટફ, થવા ચાલી જતો,

**વિકાસ મહેતા - 'સમય'**

# ગાંધીજી

**मूकं करोति वाचालम् पङ्गांन लङ्घ्यते गिरीन्।**
**यत्कृपा तमहं वंदे परमानंद माधवम।।**

શ્રીકૃષ્ણના આ પ્રખ્યાત સ્તવનમાં સહેજ ફેરફાર કરીને એક વક્તાએ કહેલ કે

**मूकानकुर्वद्वाचलान पङ्गन् साहसनिर्मरान।**
**यत्कृतिस्तमहंवंदे कथानंदनमोहनम्।।**

જેણે હિન્દુસ્તાનના મૂંગા માણસોને બોલતા કર્યા અને પાંગળાઓને સાહસપૂર્ણ કર્યા છે એવા શ્રી કરમચન્દ ગાંધીના પુત્ર શ્રી મોહનને હું નમસ્કાર કરું છું.

આ ઉપરથી મને ગાંધીજીની શ્રીકૃષ્ણ સાથે સરખામણી કરવાનું મન થાય છે. શ્રીકૃષ્ણ યમુના કાંઠે મથુરામાં જન્મ્યા હતા અને સૌરાષ્ટ્રના સાગરતીરે પ્રભાસપાટણમાં તેમનો દેહોત્સર્ગ થયો હતો. તે જ સૌરાષ્ટ્રના સાગરતીરે ગાંધીજીનો જન્મ થયો. અને તે જ યમુનાકાંઠે તેમનો દેહોત્સર્ગ થયો હતો. શ્રીકૃષ્ણની માફક તેમણે પણ ગીતાના કર્મયોગને ગાયો અને જીવી બતાવ્યો. કૃષ્ણાવતારનું અધૂરું રહેલું કાર્ય પૂરું કરવાને માટે જાણે કે આ મહાન પુરુષ જન્મ ન થયો હોય એમ ભાસ થાય છે.

ગાંધીજી આ યુગના પયગંબર હતા. તેમણે સત્ય અને અહિંસાનો અમૂલ્ય સંદેશ જગતને આપ્યો. એટલું જ નહીં, પણ પોતાના જીવનમાં એ સિદ્ધાંતોનો અમલ કરીને તેની અસાધારણ અસરનો પાઠ આપ્યો. ઈંગ્લેન્ડ, જર્મની કે યુનાઈટેડ સ્ટેટ્સ જેવડા દેશની એકતા સાધી પ્રજાને કેળવી શકાય, પણ ભારતવર્ષ તો મહાન ખંડ છે. તેની ચાળીસ કરોડની પ્રજાને જાગૃત કરી મર્દ બનાવી. ''મારને કા નામ મત લો.. મરના શીખ લો'' એ સૂત્ર શીખવ્યું અને અનેકે પ્રાણ પાથર્યા છતાં સ્ટેલિન કે હિટલરની જેમ પોલાદી નેતા ન હતા, પણ પ્રજાના પ્રિય બાપુ હતા.

ગાંધી એક સર્વતોગામી શક્તિ હતા. કેળવણીકાર, ભાષાશાસ્ત્રી, લોકસેવક નેતા, યોદ્ધા, જે કહો તે હતા. તેમણે ગુજરાતી ભાષાને શબ્દકોશ આપ્યો છે અને નવજીવન દ્વારા પણ લોકોને કેળવણી આપી છે. માણસનું નૈતિક જીવન, આહારવિહાર, તંદુરસ્તી, કસરત, રાજનીતિ, ઈતિહાસ, ભૂગોળ, જીવનકથા, વિજ્ઞાન, સ્ત્રીકેળવણી, બાળકેળવણી અને અર્થશાસ્ત્ર વગેરે વિષયો પર કંઈક ને કંઈક નવા વિચારો ક્યાં ક્યાં નથી આપ્યા તે વર્ણવી શકાય તેમ નથી. આવી જડવાદી દુનિયા વચ્ચે તેમણે પ્રાર્થનાબળનો મહાન પાઠ આપ્યો. તેઓ દરરોજ સાંજે પ્રાર્થના કરતા અને અનેકોને તેમાં તલ્લીન બનાવતા.

જ્યારે તેઓ પ્રાર્થના માટે તન્મય થઈ જઈ રહ્યા હતા તેવી પવિત્ર પળે તેમના ઉપર ગોળીબાર થયો અને રામનામ સ્મરણ સાથે તેઓ આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા. તેમનું મૃત્યુ એક યોદ્ધાને છાજે તે રીતે થયું હતું.

કારીગર કે કલાકાર કેટલીકવાર કળા સાથે લઈને જાય છે અને બીજાને વારસો નથી આપી જતા. ગાંધીજી પોતે તો મહાન દેશનેતા બન્યા, પરંતુ સરદારશ્રી, રાજાજી પંડિતજી જેવા મહાન વારસદારો ઘડીને આપતા ગયા. એ ત્રિપુટી અમર રહો.

**જયંત હાથી**

# ‘સાચી મિત્રતા’

અલકા અને અનીતા નાનપણથી જ મિત્ર – સાથે રહે ને ભણ્યાં પણ સાથે. બંને બાજુમાં જ રહેતાં હોવાથી તેઓના કુટુંબ વચ્ચે એક ઘર જેવું જ હતું, પણ હા, બંનેના વિચારમાં જમીન-આસમાનનું અંતર હતું. જ્યાં મનમેળ હોય છે, ત્યાં વિચારભેદ ગૌણ બની જાય છે.

ભાવિ જીવનની વાત કરતી, ત્યારે અલકા કહેતી કે હું તો ડિગ્રી લઈને, એરેન્જડ મેરેજ કરીશ. આપણાં માતાપિતા આપણા શુભચિંતક છે. તેથી તે જે બતાવશે તે છોકરો મને યોગ્ય લાગશે તો તેની સાથે લગ્ન કરીશ. આ જ આપણી ભારતીય સંસ્કૃતિની ઓળખ છે, પણ હા અનીતા, તું લગ્ન વિશે શું વિચારે છે?

અનીતા કહેતી, તું આ બધી જૂની માન્યતાઓમાં માને છે, તારી મરજી! બાકી હું તો આધુનિક વિચારસરણી ધરાવું છું. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે લગ્ન ભલે એક પવિત્ર બંધન હોય, પણ હું તેમાં માની બંધાવવા માગતી નથી. લગ્ન બાદ પણ તેનું કુટુંબ તથા બાળકોની જવાબદારી ઉપાડવી, તેના કરતાં હું મારી કારકિર્દી ઘડવા માગું છું. વળી હું એવું પણ માનું છું કે જે માબાપે આપણને મોટાં કર્યાંલ શિક્ષણ આપી પગભર કર્યાં, લાયક બનાવ્યાં, તેને છોડી ક્યાંય જવા માગતી નથી, પરંતુ ઘડપણમાં તેની લાકડી બની, માતૃદેવો ભવ! પિતૃદેવો ભવ!ની ભાવનાને સાર્થક કરવા માગું છું. માતાપિતાનું ધ્યાન પુત્ર જ રાખી શકે તેવી માન્યતામાં હું સહમત નથી. દીકરી પણ આ કામ કરી શકે છે.

જ્યારે માબાપ તરીકે દીકરીના ભવિષ્યની ચિંતા થાય તે સ્વાભાવિક છે. તેથી તેઓ સમજાવવાનો પ્રયત્ન કરતાં. અનીતા તેના જવાબમાં કહેતી, ‘હું પરાણે લગ્ન કરી, કોઈની જિંદગી બગાડવા માગતી નથી. સમાજમાં ઘણી સ્ત્રીઓ એકલી રહીને જીવે જ છે ને? કોઈ લગ્ન કર્યાં વગર કે કોઈ લગ્ન કર્યાં પછી પણ!

આમ બંને બહેનપણીઓ પોતાના નિર્ણયમાં દૃઢ રહ્યાં. અલકાનાં લગ્ન અનિકેત સાથે થયાં. તેનાં માતાપિતા નાની ઉંમરમાં મૃત્યુ પામ્યાં હતાં. તેઓ બંને એકબીજા સાથે ખૂબ ખુશ હતાં. બે વર્ષ પછી તેને ત્યાં એક દીકરીનો જન્મ થયો. નામ પાડ્યું હતું – ‘મિતુ’. અલકા બીજા શહેરમાં હોવાથી બહુ આવી ન શકતી તેથી તેનાં માતાપિતાનું ધ્યાન અનીતા રાખતી હતી અને અલકાને તે બાબતે નિશ્ચિંત રહેવાનું કહેતી હતી.

જિંદગીની રફતાર તેજ ગતિથી ચાલતી હતી. ત્રણ વર્ષ ક્યાં નીકળી ગયાં તે ખબર પણ ન પડી. ત્યાં અચાનક અલકાનાં માતાપિતાને ત્યાં એક ફોન આવ્યો! જાણે જિંદગી ડામાડોળ થઈ ગઈ! ફોન કરનાર અજાણ્યા માણસે કહ્યું કે ‘તમારા દીકરી-જમાઈની કારનો એક્સીડન્ટ થયો છે. તેઓ હૉસ્પિટલમાં છે. નાની બેબી સાજી-સારી છે. પાંચેય જણા હૉસ્પિટલે દોડ્યા. ત્યાં અલકા-અનિકેતના છેલ્લા શ્વાસ ચાલતા હતા. શું થયું અને શું કરવું તે એ લોકોને સમજાતું ન હતું. સ્તબ્ધ બની જોયા કરવા

સિવાય કંઈ ઉપાય ન હતો! અનીતાએ નાની મિતુને વહાલથી તેડી લીધી. અલકાની દર્દભરી આંખ સામે જોયું. તેમાં જાણે ફક્ત એક પોતાની દીકરીની ચિંતા જ વંચાતી હતી. અનીતાએ જાણે મૌનની ભાષામાં તેનો જવાબ આપ્યો! અને બંનેએ સદાને માટે આંખ મીંચી દીધી.

અલકા-અનિકેતનાં મૃત્યુથી અલકાનાં માબાપ ઉપર જાણે આભ તૂટી પડ્યું, દીકરી-જમાઈ ગુમાવ્યાના અસહ્ય દુઃખની સાથે સાથે મિતુના ભવિષ્ય વિશેના પ્રશ્નાર્થે તેઓને ઘેરી લીધાં હતાં. અનીતા આટલાં દુઃખ વચ્ચે પણ સ્વસ્થ હતી. કારણ તેણે કંઈક ત્વરિત નિર્ણય લઈ લીધો હતો. કહેવાય છે કે ઈશ્વર જ્યારે એક દરવાજો બંધ કરે છે, ત્યારે બીજો ખોલી પણ દે છે. તે કુદરતનો નિયમ યથાર્થ થવાનો હતો.

બંને કુટુંબ થોડા દિવસ એકબીજાની હૂંફમાં સાથે રહ્યાં. અનિકેતના કુટુંબીજનો દિલાસો આપી ખસી ગયાં.

એક દિવસ અનીતાએ બધાની વચ્ચે કહ્યું કે આજે હું એક અતિ મહત્ત્વની વાત કરવા માગું છું. શાંતિથી સાંભળશો. મારી દોસ્ત અલકાના મૃત્યુ બાદ હું એક નિર્ણય જાહેર કરું છું. આજથી બે માતાપિતાની પુત્ર બનીશ તથા એક પુત્રીની મા બનીને જીવન વ્યતીત કરીશ. ચારેય વડીલોએ કહ્યું કે 'અરે તું તો લગ્ન કે કુટુંબના બંધનમાં બંધાવવા નહોતી માગતી ને? ત્યારે તેણે જે જવાબ આપ્યો તે અનોખો અને પ્રશંસનીય હતો. તેણે કહ્યું કે મેં જ્યારે નિર્ણય લીધો તે ભૂતકાળ હતો જ્યારે આજે વર્તમાન અને ભવિષ્યને ધ્યાનમાં લઈને તેમાં ફેરફાર કરવા માગું છું. જિંદગીનું નામ પરિવર્તનશીલતા છે. સમય અને સંજોગ પ્રમાણે આપણી માન્યતા અને વિચારોમાં ફેરફાર કરવો તે જ જિંદગીની સાચી રીત છે. આર્થિક રીતે હું પગભર છું. શારીરિક અને માનસિક રીતે દૃઢ બનવામાં ઈશ્વર પરની શ્રદ્ધા અને તમારા ચારેયના આશીર્વાદ જરૂર મદદ કરશે. માતૃઋણ, પિતૃઋણની સાથે મિત્રઋણ ચૂકવવાનો અવસર મળશે. વળી નાની મિતુનો નિર્દોષ ચહેરો મને સદાય તેમાં બળ પૂરવામાં મદદરૂપ થશે.

તેથી જ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે :

नियतं सङ्‍रहितमरागद्वेषतः कृतम्।
अफलंप्रेप्सुना कर्म यत्तत्सात्विकमुच्यते।।

ફળની ઇચ્છાથી રહિત મનુષ્યે આસક્તિ અને રાગદ્વેષ વિના કરેલું કર્મ સાત્ત્વિક કહેવાય છે.

**ભાર્ગવી જોષીપુરા**

# કરંજને કાંઠે

બિઝનેસ માટે દેશ-વિદેશમાં ફરવું મારે માટે કંઈ નવી વાત નહોતી. આ વખતની મારી લંડનની ટ્રીપ વખતે મોસમ ખૂબ સરસ એટલે હું ખુશ હતો. તે દિવસે મારું કામ પતાવી લંડનના એક પરામાં ફરતાં ફરતાં ત્યાં આવેલા એક ઈન્ડિયન સ્ટોરમાં કંઈ ખરીદવાના ઈરાદાથી ઘૂસ્યો. ત્યાં કાઉન્ટર પર બેઠેલા મારી જ વયના યુવાને મીઠું હસતાં મારી સાથે વાતચીત શરૂ કરી. હું ભારતથી આવું છું જાણી ખુશી થઈ. કારણ એનું મૂળ પણ ભારતમાં જ હતું. ભારતમાં હું નાનાશા કરંજ ગામનો વતની છું. જાણી એણે તો ઊભા થઈ મારો હાથ પકડી લીધો અને બોલ્યો -

અમે પણ કરંજના, મારો તો જન્મ અહીંયા. મારા પપ્પા ૪૦-૪૫ વર્ષ પહેલાં અહીં આવ્યા - અહીં જ પરણ્યા અને સેટલ થઈ ગયા. મારા દાદા ઈન્દુભાઈ જે અત્યારે નેવું વર્ષના છે એ પણ છેલ્લાં બાવીસ વર્ષથી અમારી સાથે જ છે. અમારો તો ગામ સાથે કોઈ સંબંધ જ નથી અને દાદા પણ છેલ્લાં વીસ વર્ષથી બીમાર હોઈ વતન ગયા જ નથી. તમને મળીને ખુશ થશે. તમે એમને મળવા આવશો?

મારે ના કહેવાનું કોઈ કારણ જ નહોતું.

એમના વિશાળ, સુંદર ઘરમાં પ્રવેશતાં જ દાદાને શોધવા મેં નજર દોડાવી... નીચે જ આવેલા એક રૂમના દરવાજે મેં અસ્સલ ગામઠી મોર પોપટની ગૂંથણીવાળું તોરણ ઝૂલતું જોયું. મને લાગ્યું આ જ દાદાનો રૂમ હોવો જોઈએ અને એમ જ નીકળ્યું. દાદાના પૌત્ર એન્ડીએ હું કરંજ ગામનો વતની છું એમ ઓળખાણ કરાવતાં જ એમની ઝાંખી આંખોમાં જાણે જીવન ઉભરાણું અને ચહેરા ઉપર એક ચાહત લીંપાઈ ગઈ. એમણે મારો હાથ પકડવા લંબાવેલ હાથની હથેળીઓમાં હતી વીતેલાં વર્ષોની હૂંફ.

- અલ્યા, કરંજ તો મારું ગામ, મારું ઘર, મારી તરુ, મારા મનુ - ચિનુ - મોહન બધું જ બધું જ તો ત્યાં હતું.

દાદાના પૌત્ર એન્ડીની અને મારી નજર મળતાં જ એ બોલ્યો.

- તરુ મારા દાદીનું નામ હતું જે હવે હયાત નથી અને મનુ, ચિનુ, મોહન મારા દાદાના દોસ્ત હતા. અને અચાનક મારા મનમાં ઝબકારો થયો અરે! આ તો ઈન્દુભાઈ - મારા દાદા મોહનભાઈ પોતાના જ દોસ્તની વાત કરતા હતા એ. એમને પગે પડતાં હું બોલ્યો,

-દાદા હું મોહનભાઈનો પૌત્ર.

મને બાથમાં લઈ ભીંસી જ નાખ્યો. એમની આંખોમાં બાઝી રહેલા અશ્રુમાં મને મારા દાદાનું પ્રતિબિંબ દેખાયું હું કંઈ કહેવા ગયો ત્યાં તો એ બોલ્યા,

- અરે ...મારો મોહનિયો આવ્યો. ત્યાં બેઠા બેઠા, તારા થકી, મારા સુધી આખરે પૂગ્યો...

હું મારા આગળના શબ્દો ગળી ગયો.

મને પડખે બેસાડતાં બોલ્યા,

-મોહનિયો ને બધા ભેરુઓ તો મને રોજ સાંભરે એ મને યાદ કરે કે નહીં? અરે! અમે રોજ અમારા કરંજિયા તળાવમાં ધુબાકા મારતાં, સામે કાંઠે તરતા જવાની હોડ લગાવતાં ત્યાં પાણી ભરવા આવતી કાશી, ગોમતી, શારદાની ટીખળ કરતાં અને

વડીલો મારવા લે તો દોડીને ગામને પાદર ઊભેલાં પીપળા પર ચડી જતાં. ભૂખ લાગે તો સીમનાં ખેતરોમાં ઘૂસી ભોંયશીંગ - બોર - કરમદાથી ગજવાં ભરી લેતાં. કરંજિયું તળાવ તો અમારો શ્વાસ - પ્રાણ, ગામનું નામ જ એના પરથી તો પડ્યું. પરીક્ષા ટાણે અમે એના કાંઠે જ વડનાં ઝાડ પર ધામો નાખી વાંચીએ. રજાઓમાં એની જ વડવાઈઓ પર ઝૂલીએ. તને આ તળાવનું સત ખબર છે ને?

બેસતાં વર્ષે કે દરેક સારા પ્રસંગે ગામલોકો એમાં સિક્કા પધરાવીએ કે જેથી સર્વ લોકોની અને ગામની બરકત બની રહે. અને એયને અમારું કરંજિયું સદાય પાણીથી છલકતું રહેતું.

મારી અંદર કશુંક વલોવાતું હતું, પણ સપાટી પર જે આવશે? મેં ઊંડો શ્વાસ લીધો જેથી મનમાંથી કશુંય ઊભરાઈ ન જાય. દાદાના ચહેરા પર પ્રસરતી પ્રસન્નતા ખૂબ સુંદર લાગી રહી હતી. ત્યાં તો ધ્રૂજતા અવાજે એ બોલ્યા...

-હું ને મારી તરુ ગામને પાદર રહેલા પીપળા તરફ ઘણીય વાર ફરવા જતાં અને એ પીપળો તો અમારી આસ્થાનું થાનક હતો. અમારી બધી ઇચ્છા, આકાંક્ષા, શમણાં એને ફરતે દોરો બની વીંટળાતાં અને એ પૂરા થવાની ગ્રામવાસીઓને પૂરી શ્રદ્ધા હતી. અચાનક કશુંક યાદ આવતાં એ ડગુંમગું ઊઠ્યા. ખૂણામાં રહેલા ક્લોઝેટના ખાનામાંથી પતરાનો એક સુંદર ડબ્બો કાઢી પોતાને કપાળે અડાડતાં બોલ્યા,

- જો આમાં છેલ્લાં વીસ વર્ષથી મેં ઘણા એ કરંજિયાના નામના સિક્કા અને મારા પીપળીઆના નામના ધાગા સાચવી રાખ્યા છે. તું એમને એમના મુકામે પહોંચાડીશ? મારી પ્રાર્થનાઓ કરંજિયામાં પધરાવીશ? મારી માનતા-આસ્થાને પીપયીએ વીંટાળીશ?

મારું મન - આત્મા કંપતા હતા, પણ કંઈક વિચારી ધ્રૂજતા હાથે એ ડબ્બો લઈ દાદાને વંદન કરી હું નીકળ્યો ને સીધો ગયો લંડનની થેમ્સ નદીને કિનારે. એ ડબ્બાને એના વહેતા પ્રવાહમાં પધરાવી હાથ જોડી બોલ્યો...

-દાદા તમને કેમ કહું? તમારા ભેરુઓ તો હવે મોટા ગામતરે નીકળી ગયા છે. કરંજિયા તળાવને સ્થાને હવે ઊભી છે. ઊંચી ઊંચી ઇમારતોની હારમાળ. પાદરનો પીપળો તો ક્યારનોય કપાઈ ગયો છે અને ત્યાં થઈ ગયું છે અદ્યતન બસ સ્ટેન્ડ. તમારી પ્રાર્થનાઓ અને આસ્થાને પહોંચાડવા આ અવિરત જલપ્રવાહ સિવાય મારી પાસે કોઈ મુકામ નથી!!

મેં થેમ્સના પ્રવાહમાં હળવેકથી એક સિક્કો પધરાવ્યો અને જિંદગીમાં પહેલી વાર પ્રાર્થના કરી હે ભગવાન! દાદાના ચિતમાં રહેલા ગોકુળિયા કરંજ ગામનું રખોપું કરજે અને એમનો શ્વાસ રહે ત્યાં સુધી એમના વિશ્વાસને અકબંધ રાખજે.

**દીના વછાજાની**

# જીવનમાં સાહિત્ય, સંગીત અને સ્પોર્ટસનું મહત્ત્વ

આજનો માનવી સામાજિક, આર્થિક, માનસિક, શારીરિક અને વ્યક્તિગત પ્રૉબ્લેમથી સતત ઘેરાયેલો રહે છે. જીવન જીવવાનું ભૂલી ગયો છે. ઈંટ, સિમેન્ટ અને પથ્થરના જંગલમાં અટવાઈને જીવંતતા ગુમાવી બેઠો છે અને તેનું જીવન વન બનવા માંડ્યું છે. આજે માણસ ભૌતિક સુખોની પાછળ જે રીતે આંધળી દોડ લગાવી રહ્યો છે અને એક-એક રૂપિયા, એક-એક મિનિટની ગણતરી કરતો માણસ એક મિનિટમાં રહેલી અમૂલ્ય જિંદગી માણવાનું ભૂલી ગયો છે. એને લીધે માણસ સંવેદનહીન, જડ અને હંમેશાં બધા પાસેથી લઈ લેવાની વૃત્તિવાળો અને આધુનિક સભ્યતાનો દેખાડો કરનાર માણસ અંદરથી વધુ ને વધુ જંગલી ને હિંસક બનતો જાય છે.

આ અંધારિયાં જંગલોમાં સાહિત્યની મશાલ પ્રગટાવીને માણસના જીવનમાં પ્રકાશ ફેલાવી શકાય. તેને ઉજ્જડ બની ગયેલ વન જેવા જીવનને સંગીત રૂપી નદીના જળથી સીંચીને ઉપવન બનાવી શકાય. લાલચ, ભ્રષ્ટાચારના કાદવથી ભરેલા કૂવામાં ઊંડા ઊતરતા માનવીને સ્પોર્ટસ રૂપી દોરડાની મદદથી બહાર કાઢી શકાય.

દરેક જ્ઞાતિ સંસ્થાનો મૂળભૂત હેતુ બે માણસની વચ્ચે રહેલી સામાજિક, આર્થિક, શારીરિક અને માનસિક જે અસમાનતા છે તે દૂર કરવાનું છે અને દરેક માણસમાં રહેલી સુષુપ્ત અને વિશિષ્ટ શક્તિઓને જાગૃત કરી અને તેને વિકસાવવાનું સંસ્થાઓનું ધ્યેય હોવું જોઈએ.

આ બધા પ્રૉબ્લેમ દૂર કરવા માટે સાહિત્ય સૌથી મહત્ત્વનું સાધન બની રહે છે. બાળક માતાના ગર્ભમાં હોય ત્યારથી જ એવું કહેવાય છે કે, જેવી વાતો કરવામાં આવે એવું તે જન્મીને એવો જ તૈયાર થાય છે. બાળકને આપણે બાળપણથી સરસ મજાની વાર્તાઓ આનંદ સાથે બોધપાઠ મળે એવી વાર્તા કરતા હોઈએ છીએ. તેમાંથી એને જીવનના પાઠ શીખવા મળે છે.

સાહિત્યને અને સાહિત્યકારને કોઈ પણ ભાષા, ધર્મ, જ્ઞાતિ કે રાષ્ટ્રની સરહદો નડતી નથી, એટલે જ આજે વિશ્વની દરેક ભાષામાં સારા ઉત્તમ સાહિત્યનું ભાષાંતર થાય છે અને વિશ્વના લોકો એકબીજાની રીત-રિવાજોથી, રહેણીકરણીથી સાહિત્યને લીધે વાકેફ થાય છે. સારા સાહિત્યના વાંચનથી વ્યક્તિ વિચારવાન બને છે અને સારા-નરસાનો ભેદ પારખી શકે છે. માનવી સંવેદનશીલ બને છે અને દંભ વિનાનો નિખાલસ બને છે. આથી દરેક જ્ઞાતિની લાઈબ્રેરી અવશ્ય બનાવવી જોઈએ અને દરેક જ્ઞાતિજનને વાંચન માટે પ્રોત્સાહન આપવું જોઈએ. એક શિક્ષક પણ જો વાંચવાનો શોખીન ન હોય તો એ સારો શિક્ષક બની શકતો નથી એવું મારું માનવું છે. મને ગૌરવ છે કે આપણી જ્ઞાતિએ પણ ઘણા સાહિત્યકાર આપ્યા છે. આદિ કવિ શ્રી નરસિંહ મહેતા, શ્રી નર્મદ, શ્રી દલપતરામ, શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી, શ્રી ક. મા. મુનશી, તારક મહેતા, શ્રી વિનેશ અંતાણી, શ્રીમતી કાજલ ઓઝા-વૈદ્ય વગેરે. આ યાદી ઘણી લાંબી થાય એમ છે. આપણે જે રીતે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે તે આપણા માટે ગૌરવ લેવા જેવી વાત છે. આપણે લાઈબ્રેરી બનાવીએ અને જે

લોકો બહાર ક્યાંય વાંચન કરી શકતા નથી તેને અહીં વાંચવાની વ્યવસ્થા પૂરી પાડીને પ્રોત્સાહન આપી શકીએ. આપણા ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને હાલના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વાંચે ગુજરાત' એવી સરસ યોજના બહાર પાડીને વાંચન માટે ખૂબ સરસ પ્રોત્સાહન પૂરું પાડેલ છે.

વિશ્વના જે કોઈ પણ વિકસિત દેશ છે જેવા કે બ્રિટન, અમેરિકા, ફ્રાંસ, જાપાન તે બધી જગ્યાએ લાઈબ્રેરીઓ માતબર સંખ્યામાં છે અને તેમનું વાંચન પણ ખૂબ છે.

જિંદગી વિશે ગુજરાતીમાં એવું કહેવાય છે કે, 'લાંબે-ટૂંકે જિંદગી ન મપાય.' એટલે કે કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, પરંતુ કેવી જીવ્યા એ મહત્ત્વનું છે. ફિલ્મ 'આનંદ'માં પણ ઋષિકેશ મુખરજી એ જીવનની વિશાળતા દર્શાવતું વાક્ય કહ્યું છે કે, જિંદગી બડી હોની ચાહિયે, લંબી નહીં, સ્વામી વિવેકાનંદજી ફક્ત ઓગણચાળીસ વર્ષ જીવ્યા છતાં આજે તેઓ તેના વિચારોથી એટલા જ જીવંત છે. ગાંધીજી જેમને પોતાના આધ્યાત્મિક ગુરુ માનતા એવા શ્રી શ્રીમદ્‌રાજચંદ્ર ફક્ત તેત્રીસ વર્ષ જ જીવ્યા હતા. તેમણે યોગસાધનાથી એક કલાકમાં પોતાના નવસો પૂર્વજન્મ જોયા હતા. કવિ રાવજી પટેલ પણ આડત્રીસ વર્ષ જીવીને સરસ મજાના કવિતા સંગ્રહની આપણને ભેટ આપી ગયા છે. લાઠીના રાજવી કવિ કલાપી તો ફક્ત છવીસ વર્ષ જીવ્યા છતાં એમણે સુંદર ગઝલ અને ખંડકાવ્યની ભેટ ગુજરાતી સાહિત્યને આપેલ છે.

બોલીવૂડમાં શ્રેષ્ઠ દશ અભિનેત્રીઓમાં સ્થાન પામી શકે તેવી કલાકાર સ્મિતા પાટીલ એકત્રીસ વર્ષ જ જીવી છતાં તેની ઍક્ટિંગને લીધે આજે પણ લોકોનાં હૃદયમાં સ્થાન જાળવી શકે છે.

સંગીત એ માનવજાતને ઈશ્વર તરફથી મળેલી ઉત્તમ ભેટ છે. એવું કહેવાય છે કે, 'નાદ્ ધિનમ જગત સર્વમ્' એટલે કે, આખું જગત સંગીતને આધીન છે. સંગીતથી મન પ્રફુલ્લિત રહ છે અને તંદુરસ્તી પણ જળવાયેલી રહે છે. સંગીતના સાન્નિધ્યમાં રહીને માણસ પોતાનાં દુઃખ, તકલીફ ભૂલી જઈને શાંતિનો તેમ જ આનંદનો અનુભવ કરે છે. સંગીતની મનુષ્યની સાથે સાથે પ્રાણીઓ તેમ જ સમગ્ર કુદરત ઉપર અસર થાય છે, જે આપણે તાનસેનનું સંગીત સાંભળવા, બૈજુનું સંગીત સાંભળવા બધાં પ્રાણીઓ પોતાની પ્રકૃતિ ભલીને ઊભા રહેતા અને પથ્થર પણ પીગળી જતો. દીપક રાગ ગાવાથી આખા રૂમમાં દીવાઓ પ્રગટી જાય છે અને તાનસેનના શરીરમાં પણ અગનદાહ, બળતરા થાય છે. ગુજરાતના વડનગરની નાગર કન્યા તાના-રીરી બન્ને બહેનોએ મલ્હાર રાગ ગાવાથી વરસાદ વરસ્યો અને તાનસેનની શરીરની બળતરા પણ મટી ગઈ. આ જગપ્રસિદ્ધ વાત છે. આજે તો વિશ્વમાં મ્યુઝિકને થેરાપી તરીકે પણ સ્વીકારવામાં આવેલ છે. જેનાથી તમામ રોગો દૂર થાય છે. આ જ બાબત સંગીતની સર્વસ્વતા સાબિત કરે છે.

સંગીતમાં એટલી શક્તિ છે કે, તેનાથી માણસ ઈશ્વરને પામી શકે છે. આથી જ્ઞાતિ સંસ્થાઓએ સંગીત શીખવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ અને સંગીતના સાધનો વસાવવાં જોઈએ, જેથી જે લોકો પોતાના ઘેર આવાં સાધનો વસાવી શકતા ન હોય તે સંસ્થાઓમાં આવી સંગીતની પ્રૅક્ટિસ કરી શકે એને લગતી તાલીમ પણ આપવાનો, પ્રયત્ન કરવો જોઈએ,

જેને લીધે આપણે ભવિષ્યના ગીતકાર, સંગીતકાર તૈયાર કરી શકીએ. મને ગૌરવ છે કે, સાહિત્યની જેમ સંગીતમાં પણ નાગર જ્ઞાતિનું ખૂબ ઉત્કૃષ્ટ પ્રદાન રહ્યું છે. તાના-રીરી, આસિત-હેમાંગિની, આલાપ દેસાઈ, શ્યામલ-સૌમિલ, આરતી મુનશી, વિભાકર-રાસબિહારી દેસાઈ, નીનુ મજમુદાર, ઉદય મજમુદાર, ઐશ્વર્ય મજમુદાર આ યાદી પણ ખૂબ લાંબી થઈ શકે તેમ છે.

સાહિત્ય અને સંગીતની જેમ મનાવજીવનમાં સ્પોર્ટસનું પણ ખૂબ જ મહત્ત્વનું છે. બાળક જન્મતાની સાથે તેને રમાડવામાં આવે છે અને રમત દ્વારા તેનો વિકાસ થાય છે. જીવનના પાઠ શીખે છે. સ્પોર્ટસને લીધે માણસ શારીરિક અને માનસિક રીતે તંદુરસ્ત બને છે અને ગુનાહિત અને કોઈ પણ જાતની ખરાબ પ્રવૃત્તિઓની દૂર રહે છે. એનું સૌથી સારું ઉદાહરણ કહી શકીએ તો ભારતની ફૂટબોલનો કૅપ્ટન અખિલેશકુમાર ભૂતકાળમાં ગુંડો હતો, પરંતુ એક શિક્ષકે તેને ફૂટબોલ રમવાની આદત પાડી તેથી ફૂટબોલના શોખને લીધે તે તેની ગુંડાગીરી ભૂલીને આજે સારો ખેલાડી જ નહીં, પણ સારા માણસ તરીકે જીવન વ્યતીત કરે છે. એકોર્ડિંગ ટુ, 'સત્યમેવ જયતે'. સ્પોર્ટસને લીધે માણસમાં એકાગ્રતા, ચપળતા, ટીમવર્ક અને ખેલદિલીની ભાવના વગેરે અનેક ગુણો વિકસે છે. સ્પોર્ટસને લીધે માણસ પોતાનું દુ:ખ અને પ્રૉબ્લેમ ભૂલીને પરમ આનંદથી અનુભૂતિ કરી શકે છે. સમાજ પાસે લઈ લેવાની વૃત્તિ દૂર થાય છે અને સમાજને માટે કંઈ કરી છૂટવાની ભાવના ઉત્પન્ન થાય છે. ખેલદિલીનું ઉત્તમ ઉદાહરણ વેસ્ટ ઈન્ડીઝ ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કૅપ્ટન સર ફ્રેન્ક વોરેલ છે. એમને આ ખિતાબ સારા બૅટ્સમૅન તરીકે તો ખરો જ અને એથી પણ વધુ ઑસ્ટ્રેલિયાને અને ઑસ્ટ્રેલિયન પબ્લિકને ખેલદિલીની ભાવના સમજાવવા માટે 'સર'નો ખિતાબ મળેલ છે. એમણે ઑસ્ટ્રેલિયન પબ્લિકને સમજાવ્યું કે, રમત રમવી મહત્ત્વની છે, હાર-જીત મહત્ત્વની નથી. એ સિરીઝ પૂરી થયા પછી ઑસ્ટ્રેલિયન પબ્લિક હજારો-લાખોની સંખ્યામાં અશ્રુભીની આંખે સર ફ્રેન્ક વોરેલ અને વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ ટીમને વિદાય આપવા આવ્યા હતા. તેમની યાદમાં ત્યાર પછીની વેસ્ટ ઈન્ડિઝ, ઑસ્ટ્રેલિયા વચ્ચેની દરેક ટેસ્ટ સીરિઝ 'સર ફ્રેન્ક વોરેલ' ટ્રૉફી તરીકે ઓળખાય છે. આથી જ દરેક ક્રિકેટ રમતા દેશના નાગરિકને પહેલી પિય ટીમ પોતાના દેશની હોય છે અને બીજા નંબરે રમતી ટીમ વેસ્ટ ઈન્ડિઝની હોય છે.

ગુંડપ્પા વિશ્વનાથે પણ ઈંગ્લૅન્ડ સામેની ટેસ્ટમાં કૅપ્ટન હતો ત્યારે ઈંગ્લૅન્ડના બૅટ્સમૅન ઇયાન બેલને ફરીથી બેટિંગમાં બોલાવીને ખેલદિલીનું ઉદાહરણ પૂરું પાડેલ છે. ભૂતપૂર્વ ભારતીય ઑલ રાઉન્ડર વિનુ માંકડ જ્યારે કોઈ બૅટ્સમૅન સદી (સેન્ચ્યુરી)ની નજીક હોય ત્યારે તેને સરળ બોલ નાખીને સેન્ચ્યુરી પૂરી કરવા દેતા. સેન્ચ્યુરી પૂરી થયા પછી તેને આઉટ કરીને કહેતા કે, આ તો તને સેન્ચ્યુરી પૂરી કરવા દીધી. આમ સ્પોર્ટને લીધે ખેલદિલીની સાથે માણસમાં નિર્દોષતા, નિખાલસતા જેવા ગુણો વિકસે છે. સાથે સાથે જીવન જીવવાનો ઉત્સાહ પણ જળવાઈ રહે છે. આમ જોઈએ તો સાહિત્ય અને સંગીતની સરખામણીમાં સ્પોર્ટસમાં આપણું પ્રદાન ઓછું છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિનુ માંકડ, અશોક માંકડ ટેબલ ટેનિસમાં નેશનલ લેવલે પથિક મહેતા, તરુબાળાબેન દેસાઈ, વેસ્ટર્ન સ્પોર્ટમાં મેરેથોન દોડમાં મલેશિયા સુધી જઈ આવ્યાં છે. જિજ્ઞા માંકડ બાસ્કેટ બૉલમાં નેશનલ લેવલ સુધી પહોંચેલ છે.

સતીશભાઈ વ્હોરા વેટર્ન ડિસ્ક થ્રોમાં વેટરર્ન નેશનલ લેવલ સુધી પહોંચેલ છે. આમ આપણે સ્પોર્ટસમાં જોઈએ એવું સારું યોગદાન નથી. આથી આપણે જ્ઞાતિ લેવલે એક સારું સ્પોર્ટસ કૉમ્પલેક્સ બનાવવાની જરૂર છે. તેમાં ક્રિકેટ, ટેનિસ, બેડમિન્ટન, વોલીબોલ, હોકી, ઈન્ડોર ગૅમ, એથ્લેટિક્સ, બૉક્સિંગ, કુસ્તી વગેરે રમતોની તાલીમ આપવી જોઈએ અને તે પણ છોકરા-છોકરીના ભેદભાવ વગર. આજે તો સ્પોર્ટસને કારકિર્દી તરીકે પણ અપનાવવામાં આવે છે. કોઈ પણ રમતમાં જો છોકરા-છોકરી હોંશિયાર હોય તો માબાપે તેમ જ જ્ઞાતિ તરફથી તેને યોગ્ય પ્રોત્સાહન મળવું જોઈએ. સ્પોર્ટસને લીધે બાળકને આગળ જતાં સારી નોકરીની તક રહેલ છે. આથી માતાપિતાએ સમય પ્રમાણે પોતાના વિચારોમાં પરિવર્તન લાવીને ફક્ત એજ્યુકેશન નહીં, પણ બાળકને જે રમતમાં રસ હોય તેમાં આગળ વધવા માટે પ્રોત્સાહન આપવુન જોઈએ.

ભારતનો મહાન ઑલ રાઉન્ડર કપિલદેવ ખાસ કંઈ ભણ્યો નથી. સચીન તેંડુલકર પણ એસ.એસ.સી. પછી તરત જ ક્રિકેટમાં સમાવેશ થવાથી ભણવાનું છોડવું પડેલ. આનાથી વિશેષ કોઈ ઉદાહરણ આપવાની જરૂરિયાત રહેતી નથી. હવે પોતાનાં સંતાનોને (દીકરા-દીકરીને) તમે ભણશો નહીં તો કંઈ નહીં વળે, રમવામાં તમારી જિંદગી નહીં બને એવું કહેવાનો જમાનો ગયો. હવે સ્પોર્ટસમાં જેટલી સારી આવક - ઈન્કમ થાય છે એટલી બૅન્ક કે કોઈ કંપનીના મૅનેજરની પણ હોતી નથી. સ્પોર્ટસની સાથે વ્યક્તિનો વિકાસ પણ સારો થાય છે. જીવનસાથી પણ ઝડપથી મળી જાય છે. આમ સ્પોર્ટસને લીધે જીવનના તમામ મુખ્ય પ્રશ્નો સહેલાઈથી ઉકેલાઈ જાય છે. હવે તમે જ કહો કે, સ્પોર્ટસનું મહત્ત્વ એજ્યુકેશનથી કઈ રીતે ઓછું આંકી શકાય?

આપણે બીજી બધી બાબતોની જેમ સ્પોર્ટસમાં છોકરીઓને પ્રોત્સાહન આપતા નથી તે દુઃખની વાત છે. મેરી કોમ, સરિતા દેવી, પી. ટી. ઉષા, સાનિયા મિર્ઝા, સાઈના નેહવાલ, પી.વી. સિદ્ધુ, મિતાલી રાજ, ડાયેના એડુલજી, શાંતા રંગા સ્વામી, બબિતા કુમારી, લક્ષ્ના ગોસ્વામી વગેરે છોકરીઓ પાસેથી પ્રેરણા લઈને આપણી છોકરીઓએ પણ બધી રમતોમાં ભાગ લેવો જોઈએ.

આમ સાહિત્ય, સંગીત અને સ્પોર્ટસને લીધે કૃત્રિમ ભૌતિકતામાં ખૂંપી ગયેલા માણસના વન બની ગયેલા જીવને જીવંત બનાવે છે. તે પ્રકૃતિના સાન્નિધ્યમાં રહીને પરમ આનંદની પ્રાપ્તિ કરી શકે છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં આનંદને પરમ બ્રહ્મ તરીકે ઓળખવામાં આવે છે. પ્રકૃતિ એટલે આદિશક્તિ અને આત્મા એટલે જીવ, શિવત્વની પ્રાપ્તિ કરી શકે છે. નાગરોની રીતે કહીએ તો શિવ એટલે હાટકેશ અને આદિશક્તિ એટલે શક્તિ. આમ શિવશક્તિની જગ્યાએ જો હાટકેશ શક્તિ કહીએ તો આપણને સાચા અર્થમાં હાશનો અનુભવ થાય છે.

સાહિત્ય, સંગીત અને સ્પોર્ટસને લીધે ભારતીય સંસ્કૃતિમાં 'સત્યમ્-શિવમ્-સુંદરમ્'અને 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ઉદારી ભાવના છે તે મનુષ્યમાં વિકસે છે અને તે માનવ માટે વિશ્વ માનવ બની શકે છે.

**વૈભવ વોરા**

# નિયતિ

અમૃતસરમાં રહેતા એક શીખ પરિવારની વાત. ગુરુ મીત સિંહ અને તેનાં પત્ની હરવંશ કૌર અને તેમની પુત્રી દિલજીત કૌર. આજે આલ્દુવાલિયા પરિવારને ત્યાં એક ઉત્સવ હતો. તેમની પુત્રી જીતો ખૂબ જ હોશિયાર હતી. નૃત્ય અને ફુલકારી પણ આવડતી હતી, પણ જીતોને કેન્સર થતાં તેનું અવસાન થયું. આલ્દુવાલિયા પરિવાર પર તો જાણે આભ તૂટી પડ્યું. જ્યારે તેના મૃત્યુ બાદ જાણવા મળ્યું કે તે આખા પંજાબમાં મેટ્રિકમાં પ્રથમ આવી હતી.

આ દુઃખદ અવસાનને છ માસ વીત્યા બાદ જરા કળ વળ્યા પછી તેઓએ નિર્ણય કર્યો કે એક કન્યા દત્તક લેવી. એ માટે આ ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો. તેના એક શીખ પરિવારની મનજીત કૌરને દત્તક લેવાની હતી. જીતો દિલજીત કૌરની સખી હતી. તેના જન્મ સાથે એક પુત્ર પણ જન્મ્યો હતો. જેનું જન્મના થોડા કલાકોમાં અવસાન થયું હતું. તેથી કેટલાક લોકો જીતોને બુંદિયાળ માનતા હતા, પણ મનજીત કૌરના માતાપિતા અને આબ્દુવાલિયા પરિવારને જીતો માટે કલંકિત-બુંદિયાળનું લેબલ મંજૂર નહોતું. તેથી તેઓએ ગ્રંથ સાહેબની સલાહ બાદ દત્તક વિધિ માટે હા પાડતાં આ ઉત્સવનું આયોજન કરેલ.

મનજીત કૌરને દોડાદોડ કરવાનો અને આ ઘરના કામ કરવાનો ખૂબ જ શોખ હતો. હવે તે આબ્દુવાલિયા પરિવારની પુત્રી હતી. ઉત્સવમાં ભાગ લેવામાં શીખ પરિવાર અને તેમના અન્ય જ્ઞાતિના પરિવાર ટ્રેક્ટર કારમાં ત્યાં આવવા લાગ્યા. યજમાન પરિવારે ત્યાં મહેમાનો માટે કેટલાક બંગલાની વ્યવસ્થા કરેલ.

ઉત્સવ ઊજવવાને હજી થોડી વાર હતી. પાસેના બંગલામાં એક રૂમમાં રણજિતસિંહ નામનો એક મોતા સરદાર (જે દાઢી રાખે તે) રૂમમાં લેપટોપ પર કંઈક કામ કરી રહ્યો હતો. સાથે સરસ વાદ્ય સંગીત વાગી રહ્યું હતું. ત્યાં જ એક યુવતી આવી. ''હું અંદર આવું કે? કહી પ્રવેશ કર્યો. તેણીએ રણજિતસિંહને કહ્યું, ''હું આ સંગીત સાંભળવા આવી છું. મારું નામ કૃષ્ણ કલિ છે. રણજિતસિંહે કહ્યું ''અરે વાહ આ તો મારા પ્રિય ઉપન્યાસની નાયિકાનું નામ છે. કલીએ કહ્યું હું N.R.I. ગુજરાતી પરિવારના રીતિરિવાજ, સંસ્કૃતિનો અભ્યાસ કરું છું - ''તાળી દેતાં તેણે રણજિતસિંહને પૂછ્યું ''તમે શું કરો છો? હું જર્મની અને ઑસ્ટ્રેલિયાના શીખ પરિવારોની સંસ્કૃતિનો અભ્યાસ કરી રહ્યો છું.

એટલામાં એક નાની બેબીએ કહ્યું, ''તેનું બીજી બુલાંદે હૈ...' એટલું કહી તે ત્યાંથી ભાગી ગઈ. બન્ને ત્યાં ગયા. બધા શાંતિથી બેઠા હતા. મુખ્ય ગ્રંથી સાહેબે કહ્યું, ''બધા શાંતિથી બેસો અને આ પુષ્પની વિધિ બાદ તમારે વર્ષા કરવાની છે. ત્યાર બાદ અન્ય ચાર ગ્રંથી સાહેબ સાથે જાહેર કરતાં કહ્યું, ''અમે બધા ગુરમિતસિંહ અને હરવંશકૌરને દિલજીત કૌરની પુત્રી દિલજીત કૌરના અવસાન બાદ શ્રી પરબતસિંહ અને પ્રિનપાલ કૌર ભાટિયાની પુત્રી મનજીત કૌર ઊર્ફે જીતોને દત્તક લેવાની આજ્ઞા આપીએ છીએ. બોલે સો નિહાલ, સત્શ્રી અકાલ. બધાએ આ સંદેશ વંદના બાદ પુષ્પવર્ષા કરી. હવે ગુરુદ્વારામાં કડા પ્રસાદ લેવાનું આમંત્રણ આપું છું. ગુરુદ્વારામાં કારસેવાનો રિવાજ છે. મનજીત કૌર પણ દોડાદોડ કરીને કામ કરતી હતી. તેથી હરવંશ કૌરે કહ્યું, ''રહેવા દે પુત્તર આજે તારે કામ નથી કરવાનું. ત્યાં ગ્રંથીસાહેબે કહ્યું, બીબીજી એને રોકશો નહીં, તેથી જ કોઈ સરદાર ભીખ નથી માગતો. જીતો બીટિયાની આ જ નિયતિ છે. ''સત્શ્રી અકાલ જો બોલે સો નિહાલ''

**હરસુતા માંકડ**

# ગમતીલું ગુજરાત

**લઘુકાવ્ય – ગમતીલું ગુજરાત**

ગમતીલું ગુજરાત મળ્યું છે
ગમતીલું ગુજરાત
વંદન કરતાં હરખે હોવું બની રહે રળિયાત
ગમતીલું ગુજરાત

પશ્ચિમ કાંઠે સાગર ઘૂઘવતો નિત્ય પૂરબનું ગાન
નદી નર્મદા મહી તાપીના લોક કરે સન્માન
મહેલ હવેલી વાવ, બગીચા પરંપરાની ભાત
ગમતીલું ગુજરાત

ઉત્તરે ઊંચા ગઢ ઈડરિયા શક્તિ પીઠ અંબાજી
પાવાગઢ જઈ વસ્યા કાલિકા ચોટિલે ચામુંડાજી
નગર દ્વારિકા ગિરનારી વળી સોમનાથ સુવિખ્યાત
ગમતીલું ગુજરાત

ધાન અને ધનની આ ધરતી વેપારે વખણાતી
વિદ્યાની વ્યાસંગી સર્જક માણસ એક જ જ્ઞાતિ
ઉત્સવ ખર્ચે ઘેલા લોકો ગરબે રમતી રાત
ગમતીલું ગુજરાત

કલા કસબ ને ઉદ્યોગો વળી સંતભક્તના સ્થાન
હિન્દુ, મુસ્લિમ જૈન ઈસાઈ અસ્મિતાનાં ગાન
જ્યાં જૈ વસતો ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત
વંદન કરતાં હરખ ન માય હોવું બને રળિયાત
ગમતીલું ગુજરાત મળ્યું છે. ગમતીલું ગુજરાત

રંગીલા એવા ગુજરાતમાં એવું સુંદર
રળિયામણું રાજકોટ
તેની તો એ વાત અનેરી
તહેવારો કાજે ઉત્સવો હિલોળે ઊજવાતા
ગમતીલું ગુજરાત

વંદન કરતાં હરખ ન માય એવા પાટણના પટોળાની
અવનવી ભાત રે
બાંધણીની નિતનવી ડિઝાઈનની અનોખી એવી
જામનગરની વાત
ગમતીલું ગુજરાત – ગમતીલું ગુજરાત

ભણે નરસૈંયો શ્રીકૃષ્ણ કાજે
વંદન કરતાં હરખ ન માય એવા નાગરબંધુના ભક્ત રે
એની ભક્તિની વાત અનેરી
ગમતીલું ગુજરાત
વંદન કરતાં હરખ ન માય
એવું સુંદર રળિયામણું ગુજરાત
ગમતીલું ગુજરાત એવું ગમતીલું ગુજરાત

**નમ્રતા સ્વાદિયા**

# ઈટર્નિટી-શાશ્વતતા

**Arthur Rimbaud - L'Eternité**

***L'Eternité***

*Elle est retrouvée.*
*Quoi? - L'Éternité.*
*C'est la mer allée*
*Avec le soleil.*

*Âme sentinelle,*
*Murmurons l'aveu*
*De la nuit si nulle*
*Et du jour en feu.*

*Des humains suffrages,*
*Des communs élans*
*Là tu te dégages*
*Et voles selon.*

*Puisque de vous seules,*
*Braises de satin,*
*Le Devoir s'exhale*
*Sans qu'on dise : enfin.*

*Là pas d'espérance,*
*Nul orietur.*
*Science avec patience,*
*Le supplice est sûr.*

*Elle est retrouvée.*
*Quoi ? - L'Éternité.*
*C'est la mer allée*
*Avec le soleil*

**Eternity -**

**Arthur Rimbaud**

**It has been rediscovered.**
**What? Eternity.**
**It is the sea fled**
**With the sun.**

**Sentinel soul,**
**We whisper confession**
**Of the empty night**
**And the fiery day.**

**From human prayers,**
**From common spirits**
**You free yourself**
**And thus you fly.**

**Since from you alone,**
**Satin embers,**
**Duty breathes**
**No one says: at last.**

**No hope here,**
**No emergence.**
**Knowledge with patience,**
**Torment is certain.**

**It has been rediscovered.**
**What? Eternity.**
**It is the sea fled**
**with the sun.**

**શાશ્વતતા - આર્થર રીમ્બોડ**

એ ફરી પાછું શોધાશે
શું? શાશ્વતતા અનંતતા.
એ દરિયો
જે સૂર્ય સાથે ભાગી ગયો.

આત્મા જે સૈનિક છે.
આપણી બહુ ધીરેથી કબૂલીએ છીએ
એ ખાલીખમ રાતોને
અને સળગતા દિવસોને.

માનવી પ્રાર્થનાથી,
સામાન્ય ભાવનાથી
તમે સ્વયંને આઝાદ કરો છો
અને આમ તમે વિહરો છો.

ત્યારથી તમે એકલા છો.
મખમલી, બળતા કોલસા,
શ્વાસ ફરજો,
કોઈ જ બોલતું નથી અંતમાં.

કોઈ આશા નહીં,
કોઈ જ કટોકટી નહીં.
ધીરજ સાથેનું જ્ઞાન.
ત્રાસ ક્ષણિક છે.

એ ફરી પાછું શોધાશે.
શું શાશ્વતતા. અનંતતા.
એ દરિયો છે
જે સૂર્ય સાથે ભાગી ગયો.

ફ્રેંચ ભાષામાં લખાયેલી શ્રેષ્ઠ કવિતાઓનો અભ્યાસ કર્યો તો ખબર પડી કે, આ કવિઓની દિશા જ કંઈક અલગ છે. એમની કાવ્યોના વિષયો અને મત પણ અજીબ છે. ફ્રેંચનું અંગ્રેજી અને અંગ્રેજીનું ગુજરાતી કર્યું ત્યારે સમજાયું કે કવિ આર્થર રીમ્બોડની કવિતાના શબ્દો નહીં પણ એમની બે પંક્તિઓ વચ્ચે છુપાયેલો ભાવાર્થ સમજવાની જરૂર છે. પેલું કહીએ ને, Between the lines. કવિ હોય એટલે કલ્પના હોય, પણ કલ્પના વાસ્તવિકતાની હોય તો? જે કાયમ રહેવાનું છે, એની હોય તો? આ વિષય જ કેવો મજેદાર છે! આ કાવ્યમાં ફ્રેંચ કવિ આર્થર રીમ્બોડ સમય સાથે જે કાયમ રહેવાનું છે, જે નિશ્ચિત છે, સમય સાથે જે બદલાતું નથી એની વાત કરે છે.

કવિ કહે છે..

ભરતી અને ઓટની સાથે એક દરિયો કિનારે આવે છે અને પછી ક્ષિતિજે જઈને સૂર્યમાં ભળી જાય છે. પછી? એ સૂર્ય પણ સાંજ સાથે ભાગી જાય છે, આ શાશ્વતતા નથી તો બીજું શું છે? જે દરરોજ થાય છે, થવાનું છે અને દરરોજ શોધાય છે અને શોધાવાનું પણ છે. શાશ્વતતા સમજાવવાની આનાથી સરળ રીત કઈ હોઈ શકે?

કવિ આત્માની વાત કરે છે બીજી પંક્તિમાં, જે પહેરેદાર છે આપણો, હંમેશા સાથે સાથે રહેનારો આત્મા. જે સાક્ષી છે સ્વનો, પોતાની ખાલીખમ રાતોનો અને તકલીફો, પરિશ્રમ, ફરિયાદો, લાગણીઓથી બળતા જીવનના એક એક દિવસનો અને એક એક ક્ષણનો. છતાં, આપણે આત્માની આ શાશ્વતતાને બહુ ધીરેથી કબૂલીએ છીએ. ખૂલીને જીવતા નથી,

અનુભવીએ છીએ પણ રજૂ કરતા નથી.

આપણે ખુશ પણ રહીએ છીએ ને! કેવી રીતે? મૂળમાં જઈએ તો સમજાશે કે ઈશ્વરને બધું કહી દઈએ છીએ ત્યારે કે પછી ઈશ્વરની પ્રાર્થનાથી કે પછી કોઈને મનની વાત મુક્ત રીતે કહીએ છીએ ત્યારે, આપણને શાંતિ મળે છે, મુક્તિ કે આઝાદી મળી હોય એમ લાગે છે. શાશ્વતતા તો આ ખુશી પણ છે.

કવિની કલ્પના ગણો કે પછી વાસ્તવિકતાને અલગ નજરે જોવાની કુશળતા, એકાંત પણ શાશ્વત છે એવું કહ્યું અને પંક્તિ સર્જી. ક્ષણ, સ્પર્શ, પ્રસંગો જે સફળ કે સુખ આપનારાં છે કે આનંદિત છે એને મખમલી કહ્યા, નિષ્ફળ કે ખરાબ સમયને બળતા કોલસા સાથે સરખાવ્યો, શ્વાસ, માનવીય સમાજ અને સામાજિક જીવનની ફરજો, આ બધાનો જ સાથ છે. છતાં, કવિ એકાંતની શાશ્વતતા સાબિત કરવા કહે છે કે આમાંનું કંઈ જ અંતમાં નથી આવતું અને એ સાચું પણ છે, શાશ્વતતા છે એકાંતની.

છેલ્લી પંક્તિમાં કવિ આર્થર રીમ્બોડ કુદરત, એના નિયમો, માનવીય લાગણીઓ, એનો સમાજ, એકાંત, બધું જ સમાવી લીધા પછી એ વાતને લખે છે જે ખરેખર કોઈ પણ પરિસ્થિતિમાં શાશ્વત છે, અને એ છે પરમ શાંતિ. જીવનનો અંતિમ ધ્યેય – શાંતિ. જ્યાં કોઈ જ અપેક્ષા કે આશા ન હોય, કોઈ પરત્વે ફરિયાદ ન હોય, સ્થિરતા હોય અને એની સાથેનું જ્ઞાન હોય. ત્યારે સમજાય છે કે ત્રાસ તો અસ્થિરતા છે, ક્ષણિક છે. એ સમય તો વીતી જ જવાનો છે. તો આવી અસ્થિરતા પરત્વે અપેક્ષા કે ફરિયાદ કે જીદ કે દુઃખ કે આનંદ શું કામ રાખવાનાં?

અહીં કવિતા તો પતી ગઈ, પણ મઝાની વાત એ છે કે ફરી પ્રથમ પંક્તિ લખાયેલી છે. એ જ શાશ્વતતા, એની શોધ, એ જ દરિયો અને સૂરજની વાત, પણ આખી કવિતા સમજાય પછી આ પંક્તિ વાંચો ત્યારે સમજાય છે કે કવિ સમયની શાશ્વતતાની વાત કરે છે, જેના સાપેક્ષમાં શાશ્વતતાનું અસ્તિત્વ છે એ સમય પણ શાશ્વત જ છે.

વાહ! મઝા આવી ગઈ. પણ, પાંચસો શબ્દોની મર્યાદા, ખરા અર્થમાં શાશ્વત સાબિત થઇ.

**જય દીક્ષિત**

કાવ્યાસ્વાદ સ્પર્ધા ૨૦૧૯

પ્રથમ વિજેતા કૃતિ

વય જૂથ : ૧૭ થી ૩૫ વર્ષ

# "તમે"

તમે ફૂલ ને તમે જ ફોરમ : જાણી ગઈ હું નાથ!
તમે વ્યોમ ને તમે જ વાદળ : જાણી ગઈ હું નાથ!
કેવું જાણી ગઈ હું નાથ!

તમે જ નિર્ઝર, તમે જ સાગર : જાણી ગઈ હું નાથ!
તમે આંખ ને તમે જ કાજલ :જાણી ગઈ હું નાથ!
કેવું જાણી ગઈ હું નાથ!

તમે આંગણું, તમે જ મારગ :જાણી ગઈ હું નાથ!
તમે જ ચોર, તમે જ કીમિયાગર :જાણી ગઈ હું નાથ!
કેવું જાણી ગઈ હું નાથ!

તમે મુકુટ ને તમે જ ચામર : જાણી ગઈ હું નાથ!
તમે વૈદ ને તમે જ ઘાયલ :જાણી ગઈ હું નાથ!
કેવું જાણી ગઈ હું નાથ!

તમે તમે ને તમે જ સોડહમ્ :જાણી ગઈ હું નાથ!
તમે જ નીંદર : તમે અનીંદર : જાણી ગઈ હું નાથ!
કેવું જાણી ગઈ હું નાથ!

**કવિશ્રી હસિત બૂચ**

---

કવિશ્રી હસિત બૂચની કલમે લખાયેલું ઉપરોક્ત કાવ્ય અદ્‌ભુત છે. કવિશ્રીની કલમ માનવીય સંવેદના અને અધ્યાત્મ ચિંતનને એકબીજામાં ગૂંથી લેવામાં માહેર છે. એવું આપણને કાવ્યપઠનથી લાગે છે. આ 'તમે' એટલે કોણ? એક વિચારીએતો કવિશ્રીની કલમ-કવિતા બે અર્થમાં જવાબ આવે છે. આ 'તમે'!! સ્થૂળ ભાષામાં પ્રેમી કે પતિના ભાવમાં સંબોધન છે અને સૂક્ષ્મ ભાવમાં ''તમે'' - પ્રભુ, ઈશ્વર, શ્રીકૃષ્ણ બની જાય છે. એવું લાગી રહ્યું છે. ઉપરોક્ત કવિતામાં સ્થૂળ અને સૂક્ષ્મ ભાવની ઊર્મિઓને ખૂબ સુંદર રીતે રજૂ કરવામાં આવી છે. પ્રણય અને પ્રભુપ્રેમની સાથેસાથે માનવસ્વભાવ અને માનવીય સંવેદનાઓને આકારિત કરવાનો પ્રયત્ન થયો છે.

કવિશ્રીની કવિતા સૃષ્ટિમાં શબ્દ, સૂર અને લય ઊર્મિની આંગળી પકડીને ચાલે છે. તેમની કવિતામાં યુવાનને સ્વાભાવિક એવી પ્રણયોર્મિ અને ભાવનાપરાયણતા તથા પ્રૌઢને યોગ્ય એવું ચિંતન - મનન - મંથન તથા ભક્તિભાવ પ્રદર્શિત થયા છે. એક પ્રેમિકાના મુખે કવિશ્રી કબૂલાત કરાવે છે કે, 'હે નાથ! તમે જ મારા જીવનરૂપી બગીચાના ફૂલ છો અને તમે જ ફોરમ બની મારા જીવનમાં મઘમઘો છો. તમારી હાજરીથી મારું સંપૂર્ણ જીવન સુગંધિત બની ગયું છે.'' એક પ્રેમિકાને હવે સમજાઈ ગયું છે કે એનો પ્રેમી સર્વત્ર આ સૃષ્ટિમાં છે. પ્રેમિકાને પ્રેમી વાદળ-આકાશ સ્વરૂપે કે પછી ઝરણાં કે સાગર સ્વરૂપે દેખાયા કરે છે. કવિશ્રીની કવિતામાં પ્રણય, પ્રકૃતિ અને પ્રભુ પ્રેમનો મહિમા કરવાની સાથોસાથ માનવસ્વભાવ અને માનવી સંવેદનાઓ આકારિત થઈ છે. જીવનના પ્રવાસમાં આવતી વિષમ કે વિરોધાભાસી પરિસ્થિતિથી  કવિનાં પાત્રો ભાગતા નથી. પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરી પોતાના

'નાથ'માં અખૂટ શ્રદ્ધા રાખે છે. આ કાવ્યમાં પણ નાયિકા રૂપી પ્રેમિકાને લાગે છે કે 'એનો નાથ' જ એનો માર્ગ ચિંધાડનાર બનશે. એ જ ચોર (દિલનો)અને એ જ કીમિયાગર - જાદુગર બનશે!! જીવનમાં પ્રેમનો અભાવ અને પ્રિયપાત્રની સંગત ન મળે એના જેવું બીજું કપરું કશું નથી. અને એટલે જ નાયિકા એના 'નાથ'ને કહે છે કે 'તમે' જ એના મુકુટ અને ચામર બન્યા છછો અને 'તમે' જ એને ઘાયલ કરી અને વૈદ બનીને દવા પણ કરી છે!! કેટલી અતૂટ શ્રદ્ધા બતાવાઈ છે!! જે છે એ સર્વસ્વ 'તમે' જ છો એવું દઢપણે પ્રેમિકા માને છે.

ઉપરોક્ત આપણે સ્થૂળ ભાવો જોયા. હવે થોડા સૂક્ષ્મ ભાવો તરફ સફર કરીશું. કવિશ્રીએ બહુ ગૂઢ અર્થ - ભાવ સાથે કવિતામાં ભક્તિભાવનું નિરૂપણ કર્યું છે. એક ભક્ત એની ભક્તિ દ્વારા ભગવાન માટે શું વિચારે છે અને એ વિચારતાં વિચારતાં કેટલો ભાવુક થઈ જાય છે એ કવિની કલમ આપણને બતાવે છે. એવા ઉદાત્ત-ઉત્તમ ભક્ત - ભક્તિમાં આપણે મીરાં-કૃષ્ણ કે પછી રાધા-કૃષ્ણ કે નરસિંહ મહેતા અને કૃષ્ણના સંવાદો અને ભક્તિગીતોને લઈ શકીએ છીએ. એવા ભક્તોને ભક્તિ કરતાં સમજાય છે, અનુભવાય છે કે એના કણકણમાં સર્વસ્વમાં 'તમે' એટલે કે 'પ્રભુ' સમાયેલો છે. આ વિશ્વમાં જે કાંઈ પણ બને છે - ઘટિત કે અઘટિત બધું જ આ 'તમે' - 'નાથ'ને કારણે જ છે. એ પછી ફૂલની ફોરમ હોય. આંખનું કાજળ હોય, વાદળ કે વરસાદ કે પછી દરિયો કે ઝરણું. આ બધું જ 'તમે' રૂપી 'નાથ'નું કરેલું છે. એ બધું જ ઈશ્વરની યોજનાનો એક ભાગ છે. ભક્તના 'નાથ'ની કૃપાથી જ વૃક્ષનું પાંદડું હલે છે!!

જિંદગીની કેટલીક વિપરીત પરિસ્થિતિમાં આપણને એમ લાગે છે કે આવું બધું અમારી સાથે જ કેમ? પણ હકીકતમાં એ મુશ્કેલીઓ એ માંદગીઓ આપણને એલર્ટ કરવા માટે જ હોય છે. કવિ કહે છે કે ઈશ્વરે તમને એલર્ટ કરી દીધા છે! બાકી તો જેણે 'સાવધાન' કર્યા છે તે જ તમને 'દવા' પણ આપશે! વૈદ બનીને સાચા ભક્તની જિંદગીમાં હાજર હોય છે.કવિ 'તમે'માં ભક્ત દ્વારા કહેવરાવે છે કે 'તમે' મુકુટને તમે ચામર; તમે વૈદ ને વમે જ ઘાયલ - એમ કહીને એ તત્ત્વની સાર્વત્રિક સત્તાનો સંકેત કરે છે અને અંતે કથયિત્વની આવી તાત્ત્વિક પરિણતી સાધે છે -

''તમે તમે ને તમે જ સોડહમ્ : જાણી ગઈ હું નાથ!''

ઘણા સુંદર ગૂઢ અર્થ સાથે કવિ કવિતા પૂરી કરે છે. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા એ એક મોટી વસ્તુ છે. અંતમાં થોડી વાત શ્રદ્ધાને લગતી યાદ કરવી ગમશે કે -

''શ્રદ્ધા હોય તો પછી શંકા ન કર
ગીતામાં કૃષ્ણના સહીસિક્કા ન કર''..

તો બીજી તરફ આ પણ

''પ્રીતમ જો હોય પાસે તો, બધુંય વિશ્વ પાસે છે,
વસે દૂર જો નજરથી એ, જગત આ શૂન્ય ભાસે છે.''...

અસ્તુ

**ઋતંભરા છાયા**

કાવ્યાસ્વાદ સ્પર્ધા ૨૦૧૯
પ્રથમ વિજેતા કૃતિ
વય જૂથ : ૫૧ થી ૬૫ વર્ષ

# પરગ્રહવાસી

અરે! બાળકો તમે કદી ના એમ બધાથી બીઓ,
છીએ એલિયન ભલે અમે ને પરગ્રહના સૌ જીવો,

અમે તમારી જેમ ન શ્વસીએ ભલે ન બોલી શકીએ
કરી અવાજો કહીએ કંઈ કંઈ ને ચિત્રોમાં લખીએ

તમે જુઓ છો એથી દૂરે પડે અમારી દૃષ્ટિ
દૂર દૂર એ તારા પાસે દિસે અમારી સૃષ્ટિ

અમને થાતું ક્યાંક વિશ્વમાં જીવ બીજા હશે કે
કોઈ બીજા જીવોનું ક્યાંય અમને મિલન થશે કે

તેથી નીકળી પડ્યા શોધવા લઈને યાન અમારું
નહિ ખબર ક્યાં હશે કોઈ નહિ સરનામું ય તમારું

શોધી શોધી આવી પહોંચ્યા નભ ગંગાને આરે
જોતાં જોતાં સૂરજ દીઠો ગ્રહમાળા લઇ ત્યારે

ને એમાં વળી સુંદર ભૂરો ગ્રહ દેખાતાં લાગ્યું
પાણીની એંધાણી છે તો ભાગ્ય અમારું જાગ્યું

અને તમારી પાસે આવ્યા સ્વપ્ન થયું સાકાર
કેવા નોખા જીવ અહીં છે ને કેવા આકાર

તમને પણ લઇ જઈશું સાથે જઈશું જ્યારે ઘેર
પછી યાનમાં બધાં કરીશું બ્રહ્માંડોની સેર

પ્રાણી પક્ષી વનસ્પતિ પણ નથી અમારા જગમાં
એને પણ જાળવજો પ્રેમે સમજ લઇ રગરગમાં

**–મનોજ્ઞા દેસાઈ**

---

### કાવ્યનો રસાસ્વાદ

કવયિત્રી મનોજ્ઞા દેસાઈના કાવ્યસંગ્રહ 'મારું આકાશ'માંથી પ્રસ્તુત કાવ્ય 'પરગ્રહવાસી' લેવામાં આવ્યું છે. 'કોઈ મિલ ગયા' કે પછી 'પીકે' જેવી ફિલ્મોને યાદ કરનારને રસાસ્વાદ વધારે ગમશે.

કાવ્યમાં બ્રહ્માંડની વિશાળતા, બ્રહ્માંડના જીવ માત્ર માટે બંધુત્વની ભાવના, પોતે જે ગ્રહ પર છે તે સિવાયના અન્ય ગ્રહ પર જીવન હોવા અંગેની શોધ, પાણીનું અસ્તિત્વ તથા પૃથ્વી પરના સજીવો માટે તેનું અનિવાર્યપણું અને તે સાથે તેને કારણે સર્જાતી જૈવિક વિવિધતા જેવા તત્કાલીન અને વણખેડાયેલા વિષયોને કારણે તે હમણાંનાં કાવ્યોમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે. તે ખૂબ જ સહેલાઈથી ગાઈ શકાય છે. તેનો અંતિમ સંદેશ આપણે સૌએ ખાસ સમજવા જેવો છે.

પૃથ્વી પર 'પરગ્રહવાસી' (એલિયન્સ)ના આગમનથી કાવ્યની શરૂઆત થાય છે. પૃથ્વી પરનાં બાળકો માટે તો એલિયન્સ એટલે આકાશગંગામાંના કોઈ બીજા ગ્રહ પરથી આવીને પૃથ્વી પર પોતાનું સામ્રાજ્ય સ્થાપવા માટે આવેલા દેખાવમાં ડરામણા લાગતા દુષ્ટ જીવો, પરંતુ આ એલિયન્સ તો કોઈ બીજા જ હેતુથી પૃથ્વી પર આવ્યા છે.

કવયિત્રી ખરેખર નામ પ્રમાણે મનોજ્ઞા – મનને જાણનાર – છે એટલે તે એલિયન્સના મન સુધી

પહોંચીને તેના ભાવ કળી જઈને આપણે સમજીએ તેવી ભાષામાં એલિયન્સને મોઢે આખી વાત કહેવડાવે છે. સૌથી પહેલાં એલિયન્સ બાળકોને પોતાનાથી ન ડરવા આ રીતે સમજાવે છે.

''અરે બાળકો તમે કદી ના એમ બધાથી બીઓ, ....... પરગ્રહના સૌ જીવો''

બાળકો તેમની વાત સ્વીકારે છે અને તેમને અપનાવીને આગળની વાત સાંભળે છે. આ રીતે સજીવો વચ્ચેના બંધુત્વની ભાવના પૃથ્વીથી વિસ્તરીને બ્રહ્માંડ સુધી પહોંચે છે.

એલિયન પોતાનો પરિચય આપતાં કહે છે,

''અમે તમારી જેમ ન શ્વસીએ.....

ને ચિત્રોમાં લખીએ''

અને જન્મસ્થળનો સંકેત આ રીતે આપે છે

''તમે જુઓ છો એથી દૂરે ...દૂર દૂર એ તારા પાસે દિસે અમારી સૃષ્ટિ''

અને પોતાના આગમનનો હેતુ જણાવતાં કહે છે,

''અમને થાતું ક્યાંક વિશ્વમાં બીજા જીવ હશે કે..... અમને મિલન થશે કે''

આ હેતુથી આકાશગંગાના બીજે છેડે આવેલા પોતાના ગ્રહ પરથી યાનમાં બ્રહ્માંડની સફરે નીકળેલા એલિયન્સની નજર આકાશગંગાના આ તરફના છેડે આવેલા સૂર્ય અને તેની ગ્રહમાળા પર પડે છે.

પોતાની સપાટીના પોણા ભાગ પર છવાયેલા પાણીને કારણે અવકાશમાંથી ભૂરો દેખાતો સૂર્યમાળાનો એકમાત્ર ગ્રહ એટલે આપણી પૃથ્વી. એલિયન્સ સુદ્ધાં જાણે છે કે 'જલ એ જ જીવન' અને તેથી જ ભૂરો ગ્રહ જાણે એલિયન્સ માટે જીવનનું સરનામું બને છે.

''ને તેમાં વળી સુંદર ભૂરો.........

ભાગ્ય અમારું જાગ્યું''

એટલે તેઓ અહીં ઊતરે છે. (આપણા અવકાશ મિશન માટે પરગ્રહ પર પાણીની શોધ એ એક મહત્ત્વનું કાર્ય છે એ વાત યાદ કરીશું ને?)

પોતે જ્યાં રહે છે તેના કરતાં પૃથ્વી પર કેટલું વધારે જૈવ વૈવિધ્ય છે તે જણાવતાં એલિયન કહે છે, કેવા નોખા જીવ અહીં છે ને કેવા આકાર અને પછી પાછા જતી વખતે અહીંનાં બાળકોને પોતાની સાથે બ્રહ્માંડોની સફરે લઈ જવાનું વચન આપે છે.

પૃથ્વી – સૂર્યમાળા – સૂર્ય – અન્ય તારાઓ અને તેમની ગ્રહમાળાઓ - આકાશગંગા - અનેક આકાશગંગાઓ એ ક્રમનો વિચાર કરીએ તો બ્રહ્માંડની વિશાળતાનો થોડો ઘણો ખ્યાલ આવે. 'બ્રહ્માંડો' શબ્દ જ એકથી વધારે બ્રહ્માંડની શક્યતાઓ દર્શાવે છે. આ વાતો લગભગ કલ્પનાતીત છે.

છેલ્લે, જૈવ વૈવિધ્યની બાબતમાં આપણી પૃથ્વીની અજોડતાની વાત છે જે એલિયન્સ આપણા કરતાં વધારે સારી રીતે સમજ્યા છે તેથી બાળકોને તેની જાળવણી અંગે વિનંતી આ શબ્દોમાં કરે છે.

''પ્રાણી, પક્ષી, વનસ્પતિ પણ નથી અમારા જગમાં,...... સમજ લઇ રગરગમાં''

સૌ તેમ કરશે એ આશા સાથે કાવ્ય પૂરું થાય છે.

**પ્રણવ દેસાઈ**

કાવ્યાસ્વાદ સ્પર્ધા ૨૦૧૯

પ્રથમ વિજેતા કૃતિ

વય જૂથ : ૬૬ વર્ષથી વધુ

ફૂલ –
તે વૃક્ષે પેટાવેલા દીવા છે
એ જોવા કે
સુગંધમાં ડૂબકી મારે એવા
કોણ મરજીવા છે.

– રમેશ પારેખ

સ્વ. અ.સૌ. ગિરિબાળા નૃપેન્દ્ર રીંડાણીની
સ્નેહાળ સ્મૃતિમાં
શ્રી નૃપેન્દ્ર જુગતરાય રીંડાણી તરફથી
'નાગર મંજૂષા' માટે રૂ. ૨૫૦૦૦નું અનુદાન મળ્યું છે.
શ્રી મંડળ એ બદલ આભારી છે.

વીસ વરસ પછી આજે અમારા ‘ક્લાસટીચર’ મળી ગયા.
સ્હેજ વીલું મોં, પ્રાણ વિનાનાં પગલાં,
જૂનો કોટ...
શાળાની નોકરીએ એમને આટલોજ વૈભવ આપ્યો છે.
હવે ‘રીટાયર્ડ’ થયા છે.
સિંહ જેવો એમનો રોફ હતો.
એમનો અવાજ નહીં, એમની ત્રાડ આખા ક્લાસને ધ્રુજાવતી.
એ અમને ઊભા કરતા ને અમે પાટલૂનમાં થરથરતા.
એક દિવસ ખરાબ અક્ષર માટે
એમણે મને હાથપર ફૂટ મારેલું
તે હજી યાદ છે.
મને ઢીલા અવાજે કહે,
‘તને તો ખબર છે મારા અક્ષર સુંદર અને મરોડદાર છે.
અને હું હિસાબના ચોપડા પણ લખી શકું છું.
તારી ફેક્ટરીમાં...’

–વિપિન પરીખ



**BOOK POST** **DROP**

From,
**Shree Vadnagara Nagar Mandal,** Mumbai
C/O *Kamlesh S. Vohra* ; 1502, Tulsibaug CHS, Ramdas Sutrale Marg,
Opp. ICICI Bank, Borivali (W), Mumbai 400092
email : vnmmumbai@yahoo.co.in • www.shrivadnagaranagar.org